
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષય-પરિચય.


૧ શ્રી વીતરાગ સ્તવ-ભાષાનુવાદ. ( ડૉ. ભગવાનદાસ મનસુખભાઇ. ) .. ... ૧૫૩
૨ શ્રી આત્મારામજી મહારાજ: એક પ્રેરક બળ ... ( લે. ચોકસી ) ... ૧૫૬
૩ પરમાત્મ સ્મરણ કેમ કરવું ...( અનુ૦ રાજપાળ મગનલાલ વોરા )... ... ૧૫૯
૪ જ્ઞાનાવરણીય કર્મનો આશ્રવ શાથી થાય ? ...( લે. ગાંધી ) .. ... ૧૬૧
૫ શ્રી ચિદાનંદજીકૃત હિતશિક્ષા અંતર્ગત ...( લે. સ. ક. વિ ) .. ૧૬૪
૬ પ્રાચીન પુસ્તકો અને પુસ્તકાલયો ... ( લે. મુનિશ્રી હિમાંશુવિજયજી )... ૧૬૫
૭ આચાર્યદેવનું સ્તુતિકાવ્ય ... ... ( દેવેન્દ્રકુમાર ) ... ૧૭૨
૮ સુખની શોધમાં ... ...( અનુ૦ વિઠ્ઠલદાસ મૂ. શાહ ) ... ... ૧૭૩
૯ પ્રતિબિંબ ... ... ... ( રા સુશીલ ) .. ... ... ૧૭૭
૧૦ યુગપ્રભાવક મહર્ષીની જન્મ શતાબ્દિ ને જૈનસમાજનું કર્તવ્ય
( લે. મુનિશ્રી ચરણવિજયજી ) ... ... ૧૮૦
૧૧ સ્વીકાર અને સમાલોચના ... ... ... ... ... ૧૮૪
૧૨ વર્તમાન સમાચાર ... ... ... ટાઇટલ પેજ


---


જલદી નામ નોંધાવો. આ લાભ પાછળથી મળશે નહિં. થોડી નકલો સીલીકે છે.

### " શ્રી ત્રિષષ્ઠિશલાકા પુરૂષ ચરિત્ર મૂળ. "

આગળ પ્રકટ થયેલની અશુદ્ધિઓને શોધી શુદ્ધ સંશોધન કરી ઉંચા કાગળો, શાસ્ત્રી સુંદર ટાઇપમાં નિર્ણયસાગર પ્રેસમાં છપાય છે. શ્રી **પ્રથમ પર્વ** ફાગણ શુદ ૨ ના રોજ પ્રસિદ્ધ થશે. પ્રથમથી ગ્રાહક થનારને બધા પર્વો મુદ્દલ કિંમતે આપવામાં આવશે. કેટલાક ગ્રાહકોના નામ નોંધાઇ ગયેલા છે. વ્યાખ્યાન માટે, ભંડાર માટે **પ્રત** આકારે તેમજ લાઇબ્રેરી અને ગૃહસ્થ માટે **બુક** આકારે છપાવેલ છે. જે સાઇઝ જોવે તે સ્પષ્ટ લખી જણાવવું

પાછળ ગ્રાહક થનારને સીલીકમાં હશે તો જ બધા પર્વ મળી શકશે.

લખો:—**શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.**



## જોઇએ છે—મદદ

પાંચ માસની માંદગીને લીધે બેકાર થયેલા, બાળ-બચ્ચાવાળાં ખાનદાન કુટુંબના એક જૈન બંધુને ગુજરાનના સાધન માટે રૂા. ૫૦ ની મદદ જોઇએ છે.

લખો: —R. V. ઠે. જૈનોદય માસિકની ઓફીસ.
લીંબુપોળ-**અમદાવાદ**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ॐ

# શ્રી આત્માનન્દ પ્રકાશ.

नमो विशुद्धधर्माय, स्वरूपपरिपूर्तये ।
नमो विकारविस्तार–गोचरातीतमूर्तये ॥ १ ॥

" સંપૂર્ણ જ્ઞાન–દર્શન–ચારિત્રાદિ વિશુદ્ધ ધર્મવાળા, સ્વસ્વરૂપની પૂર્ણતાને પામેલા અને વિકારોના સમૂહનો પાર પામેલા–એવા જે કોઈ મહાત્મા હોય તેને નમસ્કાર હો."

ઉપમિતિભવપ્રપંચા કથા.

पुस्तक ३३ } वीर सं. २४६२. माह आत्म सं. ४०. { अंक ७ मो.

# શ્રી વીતરાગસ્તવ ભાષાનુવાદ.

## સાતમો પ્રકાશ.

### જગત્કર્તૃત્વવાદખંડન.*

રથોદ્ધતા વૃત્ત.

પુણ્ય[1] પાપ વિણ દેહ હોય ના, દેહ વિણુ મુખ તેમ સ્હોય ના;
વક્તૃતા મુખ વિના થશે નહિં, શાસનાર પર કેમ તો અહીં ? ૧

---

* આ પ્રકાશમાં અન્ય દર્શનીઓએ કલ્પેલા સૃષ્ટિવાદનું યુક્તિપુરઃસર ખંડન કર્યું છે. જગત્કર્તાવાદીઓ કહે છે કેઃ—

" कर्ताऽस्ति कश्चिद् जगतः स चैकः,
स सर्वगः स स्ववशः स नित्यः ।–" અન્યયોગવ્યવચ્છેદદ્વાત્રિંશિકા શ્લો. ૬.

" જગતનો કોઈ કર્તા છે અને તે એક છે, તે સર્વગામી છે, તે સ્વતંત્ર છે, તે નિત્ય છે."–વિસ્તાર માટે જુઓ ઉક્ત શ્લોકનું વિવરણ. ( સ્યાદ્વાદમંજરી )

૧. પ્રથમ તો વાદીને જાણે પૂછે છે કે તમે કલ્પેલો જગત્કર્તા ઇશ્વર શરીરધારી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ને [2]અદેહતણી વિશ્વસર્જને, એ પ્રવૃત્તિ પણ યોગ્ય ના બને;
કો પ્રયોજન જ તેહને નથી, (કારણ) તે સ્વતંત્ર, પર આણમાં નથી. ૨
જો ક્રીડા [3]થકી પ્રવૃત્તિ આદરે, તોય બાલ જ્યમ રાગી ઠરે;
જો [4]કૃપાથી જગસર્જના કરે, તો સુખી જ સહુને સૃજે ખરે ! ૩

છે કે અશરીર છે ? જો શરીરધારી છે તો તેને પુણ્ય–પાપરૂપ કર્મ છે કે નહિં ? જો છે તો તેનું અપૂર્ણપણું અને અનીશ્વરપણું સિદ્ધ થાય છે. અને જો નથી એમ કહો તો પુણ્ય–પાપ વિના દેહ કેમ હોય ? દેહ ન હોય તો મુખ કેમ હોય ? મુખ ન હોય તો વક્તાપણું કેમ ઘટે ? અને વક્તાપણું ન હોય તો તમારો કલ્પિત ઇશ્વર શાસનકર્ત્તા કેમ હોઇ શકે ? માટે સશરીક જગત્કર્ત્તા ઘટતો નથી.

૨. જો જગત્કર્ત્તા અશરીર છે એમ કહો તો અશરીરની જગત્સર્જન પ્રવૃત્તિ પણ કોઇ રીતે ઘટતી નથી. તેને તેમ કરવાનું કાંઇ પ્રયોજન નથી, કારણ કે તમે કહો છો કે તે કૃતકૃત્ય છે એટલે તેને કાંઇ કરવાપણું નથી. વળી બીજાની પ્રેરણાથી પણ તેમ કરે નહિં, કારણ કે તે સ્વતંત્ર છે અને બીજા કોઇની આજ્ઞાને આધીન નથી.

**" पारतन्त्र्ये तु तस्य परमुखप्रेक्षितया मुख्यकर्तृत्वव्याघातादनीश्वत्वापत्तिः । "**

અર્થાત્–તેનું પરતંત્રપણું હોય તો કાર્યપ્રવૃત્તિમાં પરના મુખ સામે જોવું પડે–પરની અપેક્ષા રાખવી પડે એમ કરતાં તેના મુખ્ય કર્તૃત્વને બાદ આવે, અને અનીશ્વર-પણું પ્રાપ્ત થાય ( **સ્યા. મં.** ) આમ સ્વયં કે પરની પ્રેરણાથી જગત્કર્તૃત્વ ઘટતું નથી.

૩. જો એમ કહો કે તે ક્રીડાથી–લીલાથી જગત્ સર્જે છે, તો તે તેની બાલચેષ્ટા થઇ. **" દોષ રહિતને લીલા નવ ઘટે રે, લીલા દોષ વિલાસજી. "**

**( –શ્રી આનંદઘનજી )**

૪. જો કૃપાથી જગસૃષ્ટિ કરે તો સર્વને સુખી જ સર્જે, કારણ કે—' **परदुःखप्रहाणेच्छा हि कारुण्यम् ।** ' પરદુઃખનો નાશ કરવાની ઇચ્છા કારુણ્ય, પરંતુ દુઃખ, દારિદ્ર્ય, કુયોનિ, જન્મ, મરણ, જરા, રોગ આદિથી દુઃખી એવા લોકને સર્જતાં તે કૃપાળુનું કૃપાળુપણું તે કઇ જાતનું સમજવું ? આમ કરુણાથી પણ જગત્સર્જન યુક્ત નથી જણાતું.

૫. હવે જો કહો કે તે કર્મની અપેક્ષા રાખે છે, તો તે આપણી જેમ સ્વતંત્ર–સ્વાધીન નથી. પણ તમે તો તેને સ્વતંત્ર માન્ય રાખ્યો છેઃ—

**" ईश्वरप्रेरितो गच्छेत् स्वर्गं वा श्वभ्रमेव वा ।**
**अन्यो जन्तुरनीशोऽयमात्मनः सुखदुःखयोः ॥ "**

અને સુખ–દુઃખ આદિ વિચિત્રતા કર્મથી ઉપજે છે એમ જો કહો, તો પછી શોભાના પુતળા જેવો આ જગત્કર્ત્તા શું કામનો છે ? તે માનવાની કંઇ આવશ્યકતા જ નથી. રાજા કહેવાય પણ રાજસત્તા ન હોય તો શું કામનો ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુઃખ દુર્ગતિ અને દરિદ્રતા, † મૃત્યુ જન્મ પ્રમુખે દુઃખી થતા;
લોકને જગતમાંહિ સર્જતાં, તે કૃપાલતણી શી કૃપાલતા ? ૪
જોય [5]કર્મની કરે અપેક્ષણા, આપણી જયમ સ્વતંત્ર તેહ ના;
કર્મજન્ય જ વિચિત્રતા ગણો, તો શું શોભનક એહ કામનો ? ૫
આ મહેશની[6] સ્વભાવવર્ત્તના, જો વિકલ્પ કરવા જ યોગ્ય ના;
તો પરીક્ષકતણા પરીક્ષણે, તેહ ડિંડિમ નિષેધનો બને. ૬

ત્રોટક

પણ જો સહુ ભાવનું [7]જ્ઞાતૃપણું, અહિં સંમત હોય જ કર્તૃપણું;
અમને પણ સંમત તેહ સદા, (કારણ) સરવજ્ઞ વિમુક્ત શરીર છતાં. ૭
અપ્રમાણ જ આમ ગણી લઇને, જગસૃષ્ટિ કુવાદ મૂકી દઇને;
તુજ શાસનમાં જન તેહ રમે, ભગવાન ! પ્રસન્ન જિહાં જ તમે. ૮

॥ इति सप्तमः प्रकाशः ॥

**ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા.**

† સરખાવોઃ—"જગત્ રચવાની પરમેશ્વરને જરૂર શી હતી ? રચ્યું તો સુખદુઃખ મૂકવાનું કારણ શું હતું ? રચીને મોત શા માટે મૂક્યું ? એ લીલા કોને બતાવવી હતી ? રચ્યું તો કયા કર્મથી રચ્યું ? તે પહેલાં રચવાની ઇચ્છા કાં નહોતી ? ઇશ્વર કોણ ? જગતના પદાર્થ કોણ ? અને ઇચ્છા કોણ ? રચ્યું તો જગતમાં એક જ ધર્મનું પ્રવર્ત્તન રાખવું હતું. આમ ભ્રમણામાં નાંખવાની જરૂર શી હતી ? કદાપિ એમ માનો કે એ બિચારાની ભૂલ થઇ હશે ! ક્ષમા કરીએ ! ! પણ એવું દોઢડહાપણ ક્યાંથી સૂઝ્યું કે એને જ મૂળથી ઉખેડનાર એવા મહાવીર જેવા પુરુષોને જન્મ આપ્યો ? એનાં કહેલાં દર્શનને જગતમાં વિદ્યમાનતા કાં આપી ? પોતાના પગ પર હાથે કરીને કુહાડો મારવાની એને શું આ અવશ્યકતા હતી ?"

**શ્રીમદ્ રાજચંદ્રપ્રણીત મોક્ષમાળા, પાઠ ૯૭.**

૬. ઇશ્વરની આ સ્વભાવપ્રવૃત્તિ અંગે વિકલ્પ કરવા યોગ્ય નથી એમ જો કહો તો તે તત્ત્વ-પરીક્ષકને પરીક્ષાનો નિષેધ કરવા જેવું થાય છે.

૭. પણ સર્વભાવના જ્ઞાતાપણાને-જાણપણાને જો તમે કર્તાપણું કહેતા હો તો તે અમને પણ સંમત છે; કારણકે સર્વજ્ઞો દેહધારી છતાં મુક્ત વર્ત્તે છે; અને આ સર્વજ્ઞ-પણાની અપેક્ષાએ જગત્કર્તાપણું ઘટી શકે છે; પણ તમે કહો છો એવી કોઇ યુક્તિએ ઘટતું નથી. વળી તમે કલ્પેલા જગત્કર્ત્તામાં તો તેવું સર્વજ્ઞપણું પણ ઘટતું નથી, કારણ કે—" सर्वज्ञः सन्नसौ चराचरं चेद् विरचयति, तदा जगदुपप्लवकरणवैरिणः पश्चादपि कर्तव्यनिग्रहान् सुरवैरिणः एतदविक्षेपकारिणश्च स्मदादीन् किमर्थं सृजति इति, तन्नायं सर्वज्ञः।"—

**સ્યાદ્વાદમંજરી શ્લો. ૬ વિવરણ.**

**અર્થઃ**—તે સર્વજ્ઞ હોઇ જો સચરાચર રચતો હોય, તો જે જગતને ઉપદ્રવ કરનારા વૈરી છે અને જેનો પછી પણ નિગ્રહ કરવો પડે એમ છે એવા સુરવૈરી-અસુરોને, તથા એ જગત્કર્ત્તાને જ ઉડાવનારા અમારા જેવાઓને શામાટે સર્જે છે ? તેથી આ સર્વજ્ઞ નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્મારામજી મહારાજ :: એક પ્રેરક બળ.

સારાયે હિન્દમાં, જો કોઇ સાધુ પુરુષનું નામ આ વીસમી સદીમાં સવિશેષ મશહુર હોય તો તે પૂજ્યપાદ આત્મારામજી મહારાજનું છે. અલબત્ત હિન્દ બહાર અમેરિકાના ચીકાગોમાં ભરાયેલ સર્વ ધર્મ પરિષદમાં પોતે શ્રીયુત વીરચંદ રાઘવજી ગાંધીને મોકલી જૈન ધર્મનો સન્દેશ પાશ્ચિમાત્ય પ્રદેશોમાં પણ પાઠવ્યો છે અને એ રીતે જૈનધર્મ પ્રતિ પશ્ચિમના વિદ્વાન સ્કોલરોનું દિલ આકર્ષ્યું છે અને એ રીતે તેઓશ્રીનું નામ જાણીતું છે. આમ છતાં ભારતવર્ષમાં પૂર્વથી પશ્ચિમ અને ઉત્તરથી દક્ષિણ સુધી તેઓશ્રીની જબરી પ્રતિષ્ઠા જામી હતી. સર્વ પ્રદેશોમાં તેઓશ્રી પ્રતિ પૂજ્યભાવ અને બહુમાન પ્રવર્તતા એમ કહેવામાં રંચમાત્ર અતિશયોક્તિ ન ગણાય.

એક તો જન્મે તેઓ ક્ષત્રિય એટલે શૌર્યતાનો ગુણ તેમનામાં મૂળથી જ હતો. એ શૂરવીરતાએ જ તેમને સર્વત્ર યશપતાકા ફરકાવવામાં જબરી સ્હાય કરી. ગમે તેવા કપરા પ્રસંગોમાં એ નિડર થઇ ઝુકાવતા અને એવા સાહસોની અગન વચ્ચે અડગ ઉભા રહીને પ્રભુશ્રી મહાવીર–દેવના પવિત્ર સન્દેશને–તેઓશ્રીના અણુમૂલા તત્ત્વોને–અરે ! જે મહાદેવના રહસ્યમય વચનોને જન સમુદાયમાં પોતામાં રહેલી ઓજસ્વિતાના બળે પ્રચરતા.

એ ક્ષાત્રતેજવડે તેઓશ્રીને જ્યારે સમજાયું કે પોતે જે સંપ્રદાયમાં સાધુ બન્યા અને જ્ઞાનપ્રાપ્તિ કરી, એ સાચો માર્ગ નથી અથવા તો મૂર્તિપૂજાનો નિષેધ કરી એ સંપ્રદાયે પ્રભુશ્રી વીરના સાચા ધર્મને કલુષિત કર્યો છે અથવા તો એ જાતની ખોટી પ્રરૂપણાથી આગમવાણીનો અપલાપ કર્યો છે ત્યારે એનો ત્યાગ કરવામાં-સંપ્રદાયના વડેરાઓનો–જ્ઞાનદાતાગુરૂનો–સંપ્રદાયમાં પોતા માટે જામેલી અમાપ પ્રતિષ્ઠાનો–જરા પણ સ્નેહ આગળ ન આણ્યો. મનમાં એટલો વિચાર પણ ન ઉદ્ભવ્યો કે જ્યાં આટલા સમયના મૂળ બાઝયા ત્યાં જડમૂળથી ઉખડી જઇ નવે નામે એકડો ઘુંટવામાં કેટલું જોખમ છે ? સંપ્રદાય મોહ છોડી–ચિરકાળના સ્નેહને ત્યજી દેવારૂપ કડવો ઘુંટડો ગળી જઇ, એ સંતે સત્યનો આશ્રય લીધો. પ્રતિમા–પૂજન વા મૂર્તિપૂજા એ જ શાસ્ત્રોક્ત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માર્ગ છે એમ જોરશોરથી પ્રતિપાદન કરી, પંજાબની ભૂમિ પરથી અદ્રશ્ય થઈ ગયેલ મૂર્તિપૂજાની પુનઃ પ્રાણપ્રતિષ્ઠા કરી. લગભગ વસાઈ ગયેલ જીનમંદિરોના દ્વાર ફરીથી ઉઘાડ્યા, એટલું જ નહિં, પણ નવો ઉપાસક વર્ગ સર્જાવી કેટલાય નવિન મંદિરો ઉભા કર્યાં કે જે આજે પણ યશગાથા ઉચ્ચારે છે.

પંજાબમાં નવો પ્રાણ-વાયુ રેડી, આ મહાત્માએ ગૂજરાતને આંગણે પગ મૂકયો. સંવેગી દીક્ષાના સ્વાંગ સજી શ્રી બુટેરાયજી મહારાજનું શિષ્યત્વ સ્વીકાર્યું. તરતજમાં સ્વ-અભ્યાસના બળે શાન્તિસાગર અને હૂકમ મુનિની ખોટી પ્રરૂપણા સામે વાદનો સ્થંભ રોપી, એમાં વિજય-વાવટો ફરકાવ્યો. જૈન સમાજને ભાન થયું કે સ્થાનકવાસી સંપ્રદાયને ત્યાગી આવનાર, લગભગ વીસ સાધુનો આગેવાન એ કોઇ જેવી તેવી વ્યકિત નથી પણ આગમજ્ઞાનનો પ્રખર અભ્યાસી અને વાદવિવાદની કુશળતા ધરાવનાર પ્રબળ આત્મા મૂર્તિપૂજક સંપ્રદાયનું એ નાક છે.

'પહેલો ઘા તે રાણાનો' એ ઉકિત અનુસાર જ્યાં મંગળાચરણ આવું સુંદર થયું ત્યાં પછી આત્મારામજી મહારાજની યશકીર્તિ વધતી ચાલે એમાં શું આશ્ચર્ય ! ગુલાબની સૌરભ સમ તેઓશ્રીની શકિત-સુવાસ ચોતરફ વિસ્તરવા માંડી. જ્યાં જ્યાં વિચરવા લાગ્યા ત્યાં ત્યાં જૈન સમાજમાં કોઇ અનેરો ઉત્સાહ ઉભરાઈ રહ્યો, સંઘને આ પ્રતિભાશાળી વિભૂતિમાં ઝળકી રહેલ તેજસ્વિતાના દર્શન થયાં એટલે ગુણીના બહુમાન કરવાની લાલસા જાગૃત થઈ. સિદ્ધક્ષેત્રની ભૂમિ પસંદ કરવામાં આવી અને જુદા જુદા સ્થળોના આગેવાનોએ મળી આત્મારામજી મહારાજને આચાર્યપદથી અલંકૃત કર્યા. ત્યારથી જ ન્યાયાંભોનિધિ શ્રીમદ્ **વિજયાનંદસૂરિ** એ નામ પ્રસિદ્ધ થયું.

સૂરિપદના મોટેરા અધિકારે પહોંચ્યા છતાં પોતાના ગુરૂભાઈ વૃદ્ધિચંદ્રજી આદિ સાથેના વિનયમાં જરા પણ ક્ષતિ ન આવવા દીધી. આજની વિષમતા જોતાં એ ગુરૂભાઈઓ વચ્ચેના સ્નેહ માટે બહુમાન પેદા થાય છે.

દીર્ઘદર્શિતા દેખાડી ચીકાગો ધર્મપરિષદમાં વીરચંદ ગાંધીને મોકલ્યા ત્યારે મુંબઈના સંઘમાં સામનો કરનાર એક મોટો વર્ગ હતો. એ વર્ગનો ખોપ વહોરીને પણ પોતે સાચી દ્રષ્ટિને વળગી રહ્યા એ કાર્યથી જે સુંદર પરિણામ આજે આપણી ચક્ષુ સામે આવેલું દ્રષ્ટિગોચર થાય છે એ ઓછું ગૌરવદાયી નથી. એ પરથી જોઇ શકાય છે કે આત્મારામજી મહારાજ એ કૃતનિશ્ચયી મુનિપ્રવર હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેઓશ્રીની રચના તરફ દ્રષ્ટિપાત કરતાં સહજ સમજાય તેમ છે કે એમાં પણ તેમની પ્રતિભા ઝળકે છે, એટલું જ નહિ પણ જે કૃતિઓનું તેમના દ્વારા નિર્માણ થયું છે, એમાંની ઘણીખરી યુગની આવશ્યકતાને અનુરૂપ પ્રકાશન થયાને ઘણો સમય વ્યતીત થઈ ગયો છે એટલે જોઈતા પ્રમાણમાં આજે તે મળી શકતી પણ નથી. કેટલીક માત્ર હિંદી ભાષામાં જ પ્રગટ થયેલી જણાય છે. ગૂજરાતી ભાષાનું જ્ઞાન ધરાવનાર સમાજ એમાં રહેલા ઉમદા વિચારો અને રહસ્યપૂર્ણ ઉદ્ગારોથી હજુ પણ વંચિત છે તેથી આચાર્યશ્રીની કૃતિઓમાંથી યોગ્ય પસંદગી કરી, એના પુનઃ પ્રકાશન દેશ-કાળને અનુરૂપ ભાષાઓમાં જનસમાજ એમાં યથેચ્છ પ્રકારે ઉંડું અવગાહન કરી શકે તેવી શૈલીમાં કરવા એ પણ શતાબ્દિ ઉજવણીનો એક હેતુ છે. એથી સૂરિમહારાજે જૈનધર્મના પ્રચાર અર્થે જે સતત પરિશ્રમ લીધો હતો તેની અમુકાંશે કદર થાય છે અને એ માર્ગનું બીજા ત્યાગીઓ પણ અવલંબન ગ્રહે તેવી પ્રેરણા અપાય છે. શતાબ્દિનાયક મહારાજશ્રીએ ચારિત્ર-પાલનમાં જે ઉજવળતા દર્શાવી છે, પરિષહ સહનમાં જે દ્રઢતા દાખવી છે, સતત જૈન ધર્મનો સન્દેશ વિશાળ જનસમૂહમાં ફેલાવવાની કામના ધારણ કરી શાસનરસી સવિ જીવ કરવા અર્થે જે કમર કસી છે અને એની સિદ્ધિ અર્થે વિવિધ પ્રકારની પ્રતિકૂળતાઓનો સામનો કરવામાં ધીરજ રાખી, સમભાવે-સમતાપૂર્વક એ સર્વ સહન કરી, જેમ ગાઢ વાદળાંમાં ઘેરાવા છતાં સૂર્ય સ્વશકિતના જોરે એ સર્વને ભેદીને બહાર આવે છે તેમ બહાર આવ્યા છે, અર્થાત્ દુનિયામાં સ્વપરાક્રમના દર્શન કરાવ્યા છે એવા સંતની શતાબ્દિ એ ચાલુ કાળની શિથિલતા દૂર કરવામાં વર્તમાન ત્યાગીઓને દિશાસૂચન કરવામાં નિમિત્તભૂત થાય એ ઉજવણી પાછળ રહેલો ભાવ છે. એ સંબંધમાં પૂર્વે કહેવાયું છે છતાં એટલું એક વાર ફરીથી કહીએ કે એ માટે એક સારા ફંડની જરૂર છે. જનતાએ એમાં ઉદારતાથી પોતાનો ફાળો ધરવાનો છે. મહાત્મા પ્રત્યેનું એ ભક્તિ-ચિન્હ છે એટલું જ નહિં પણ એ દ્વારા પ્રભુશ્રી મહાવીરદેવના વચનોનો પ્રચાર વિસ્તારવામાં સહાયક બનવાપણું પણ છે. તેઓશ્રીના જીવનમાંથી જે એક સુંદર વસ્તુ તરી આવે છે અને જે એક અત્યારના સમયે સૌ કોઇને ગ્રહણ કરવા જેવી અગત્યની વસ્તુ છે તે એ છે કે-તેમની સામે ગમે તેવો વિરોધ ધરી આવનાર વ્યક્તિ સહ તેઓ પ્રેમપૂર્વક સમતા રાખી ચર્ચા કરતાં અને દલીલથી એના હૃદયને જીતવાનો પ્રયાસ કરતા. આગન્તુક વ્યક્તિના કોઈપણ જાતના પ્રયાસોથી તેઓશ્રી કદીપણ ઉશ્કેરાતા નહીં. પોતાનું મંતવ્ય નિડર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પરમાત્મ–સ્મરણ કેમ કરવું.

અનુ૦ રાજપાળ મગનલાલ વ્હોરા મુંબઈ.

આપણે સૌ પરમાત્મ સ્મરણ નથી કરતાં એમ તો ન જ કહી શકાય પરંતુ જે રીતે પરમાત્મ-સ્મરણ થવું જોઇએ તે રીતે ન થવાથી તેનો યથાર્થ લાભ પ્રાપ્ત થતો નથી એ આપણા સૌના અનુભવની વાત છે

આપણે પ્રભુની અંગ, અગ્ર કે ભાવ કોઇ પણ પ્રકારની પૂજા કરતાં હોઈએ કે માળાદ્વારા પ્રભુ સ્મરણ કરતાં હોઇએ તે છતાં જો માનસિક સ્થિરતા ન હોય અર્થાત્ કે મનજીભાઈ બીજે ભટકતા હોય તો પ્રાયઃ તે ક્રિયા વંધ્ય નીવડે છે. તે જ કારણથી એકાગ્રપણે–તન્મયપણે મન–વચન–કાયાની તદાકાર વૃત્તિથી થયેલ થોડી પણ ક્રિયા ફળવતી બને છે અને સાધકને ધ્યેયની સન્મુખ લઇ જવામાં તેવી અમૃત ક્રિયા મદદગાર નીવડે છે એવી અમૃતક્રિયાથી જ ભવબંધનો ઢીલા પડે છે

હિન્દી માસિક કલ્યાણમાં भगवतस्मरण कैसे करना ? એ નામનો એક લેખ પ્રસિદ્ધ થયેલ છે, જેમાં ઉદાહરણોની સાથે પ્રભુ–સ્મરણ કેમ કરવું તે જણાવેલ છે. એ લેખ ઠીક જણાતાં તેમાં થોડા ફેરફાર–વધારા–ઘટાડા સાથે તેનો ગુજરાતી અનુવાદ અત્રે રજુ કરેલ છે. વાંચકબન્ધુઓને આમાંથી કંઈ ગ્રહણ કરવા યોગ્ય જણાશે તો સાર્થક થયું માનીશ. અસ્તુ !

૧ અફીણના બંધાણીને બખતસર અફીણ ન મળે તો તે જે રીતે અફીણનું સ્મરણ કરે છે તે રીતે ભકતે ભગવાનનું સ્મરણ કરવું.

---

તાથી, સંતને છાજે તેવી સૌમ્ય પ્રકૃતિ ધારણ કરીને સમજાવતા. આ જાતના વર્તનની છાપ કોઇ અનેરી પડતી. તેથી જ તેઓશ્રી તરફ ભક્તિભાવ ધરાવનાર સંખ્યામાં તે કાળે પણ જુદા જુદા સંપ્રદાયના મનુષ્યો હતા અને આજે પણ એ સ્થિતિ ચાલુ રહી છે.

આજે ખંડનાત્મક પદ્ધતિ કરતાં મંડનાત્મક શૈલી ઘણું કામ કરી શકે છે અને એની જ જરૂરીઆત છે, જે વાતને સંતના જીવનમાંથી ટેકો મળે છે. આજના વિદ્વાનો, સંતના ચારિત્રમાંથી એ એક જ વસ્તુ ઉચકી લેશે તો પણ શતાબ્દિ માણ્યાનું સાર્થકય ગણાશે.

**ચોકસી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨ જે રીતે કૃપણ મનુષ્ય લક્ષ્મીનું સ્મરણ કરે છે તે રીતે મનુષ્યે પ્રભુનું સ્મરણ કરવું.

૩ જે રીતે કામી મનુષ્ય કામિનીનું ધ્યાન કરે છે તે રીતે મનુષ્યે પ્રભુનું સ્મરણ કરવું.

૪ જે રીતે શિકારી પોતાના શિકારનું સ્મરણ કરે તે રીતે મનુષ્યે પ્રભુનું સ્મરણ કરવું.

૫ જે રીતે ખેડુત પોતાના ખેતરનું સ્મરણ કરે છે તે રીતે મનુષ્યે પ્રભુનું સ્મરણ કરવું.

૬ જે રીતે તૃષાતર મનુષ્ય જળનું એકધ્યાને સ્મરણ કરે છે તેમ મનુષ્યે પરમાત્માનું સ્મરણ કરવું.

૭ જે રીતે ક્ષુધાતુર મનુષ્યે અન્નપ્રાપ્તિનું ધ્યાન કરે છે તે રીતે સુમનુષ્યે ભગવાનનું સ્મરણ કરવું જોઇએ.

૮ જે રીતે ઘર-ભૂલ્યો મનુષ્ય નિજ ઘરનું સ્મરણ કરે છે તે રીતે માનવીએ પરમાત્માનું સ્મરણ કરવું.

૯ જે રીતે સાથથી વિખૂટો પડેલ મનુષ્ય સાથનું સ્મરણ કર્યા કરે છે તે રીતે મનુષ્યે પરમાત્મ-સ્મરણ કરવું.

૧૦ જે રીતે થાકેલો મનુષ્ય વિશ્રાંતિનું સ્મરણ કરે છે તે રીતે મનુષ્યે પ્રભુ-સ્મરણ કરવું.

૧૧ જે રીતે ભયભ્રાંત મનુષ્ય શરણભૂતનું સ્મરણ કરે છે તે રીતે મનુષ્યે પ્રભુનું ધ્યાન કરવું.

૧૨ જે રીતે ભિક્ષુકો દાતારનું સ્મરણ કરે છે તે રીતે માણસે પ્રભુનું સ્મરણ કરવું.

૧૩ જે રીતે વાછરૂ ગાયનું સ્મરણ કરે છે તેમ માણસે પ્રભુ-સ્મરણ કરવું.

૧૪ જે રીતે ડૂબતો માણસ નાવનું સ્મરણ કરે છે તે રીતે માણસે પ્રભુ-સ્મરણ કરવું.

૧૫ જે રીતે વિદ્યાર્થી પરીક્ષાનું સાહિત્યનું સ્મરણ કરે છે તેમ મનુષ્યે પ્રભુ-સ્મરણ કરવું.

૧૬ જે રીતે પુત્રવિયોગી પ્રેમાલ માતા પુત્રનું સ્મરણ કરે છે તે જ રીતે મનુષ્યે પ્રભુનું સ્મરણ કરવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૭ જે રીતે નવીન વિધવા પતિનું સ્મરણ કરે છે તેમ મનુષ્યે પ્રભુનું સ્મરણ કરવું.

૧૮ જે રીતે વ્યભિચારિણી સ્ત્રી પોતાના જારનું સ્મરણ કરે છે તેમ મનુષ્યે પરમાત્માનું સ્મરણ કરવું.

૧૯ જે રીતે માતૃપરાયણ શિશુ માતાનું સ્મરણ કરે છે તેમ મનુષ્યે ભગવત્–સ્મરણ કરવું.

૨૦ જે રીતે પ્રેમી મનુષ્ય પોતાની પ્રિયતમાનું સ્મરણ કરે છે તે રીતે મનુષ્યે પરમાત્માનું સ્મરણ કરવું.

૨૧ જે રીતે પ્રતિવ્રતા સ્ત્રી નિજ પતિનું એકાગ્રચિત્તે સ્મરણ કરે છે તે રીતે ભક્ત જને ભગવાનનું સ્મરણ કરવું જોઇએ.

૨૨ જે રીતે અંધકારથી વ્યાકુળ મનુષ્ય પ્રકાશનું સ્મરણ કરે છે તે રીતે મનુષ્યોએ પ્રભુ–સ્મરણ કરવું.

૨૩ જે રીતે શરદીવાળો મનુષ્ય ગરમીનું સ્મરણ કરે છે તે રીતે મનુષ્યે પરમાત્મ–સ્મરણ કરવું.

૨૪ જે રીતે ચકવા–ચકવી સૂર્યનું સ્મરણ કરે છે તે રીતે મનુષ્યે પ્રભુનું સ્મરણ કરવું.

૨૫ જે રીતે ચાતક પક્ષી નૂતન મેઘનું સ્મરણ કરે છે તે રીતે મનુષ્યે પ્રભુ–સ્મરણ કરવું.

૨૬ જે રીતે ચકોર પક્ષી એક ધ્યાનથી ચંદ્રમાનું સ્મરણ કરે છે તેમ સુમનુષ્યે પરમાત્મ સ્મરણ કરવું.

૨૭ જે રીતે જળવિહોણી માછલી પાણીનું સ્મરણ કરે છે તે રીતે મનુષ્યે પ્રભુ–સ્મરણ કરવું.

૨૮ જે રીતે ઘુવડ પક્ષી અંધકારનું સ્મરણ કરે છે તે રીતે મનુષ્યે પ્રભુનું સ્મરણ કરવું.

૨૯ જે રીતે ફળકામી મનુષ્ય ફળનું સ્મરણ કરે છે તે રીતે મનુષ્યે પ્રભુનું સ્મરણ કરવું.

૩૦ જે રીતે તસ્કર લોકો રાત્રિનું સ્મરણ કરે છે તે રીતે મનુષ્યે પ્રભુ–સ્મરણ કરવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જ્ઞાનાવરણીય કર્મનો આશ્રવ શાથી થાય ?

૧ પંચપરમેષ્ઠી ભગવાનને પ્રતિકૂળ રહેવું અને તેમનું પ્રતિકૂળ વચન બોલવું.

૨ શાસ્ત્રકાર મહારાજે જે જે કાળમાં શાસ્ત્ર–અધ્યયન કરવાનું નિષેધ કરેલ છે તેમાં કરવું. ( ગ્રહણકાળ, સંધ્યાકાળ વગેરે. )

૩ સર્વજ્ઞપ્રણીત શાસ્ત્રોમાં અશ્રદ્ધા કરવી.

૪ શાસ્ત્રનું અધ્યયન, મનન વગેરે કરવામાં પ્રમાદ કરવો.

૫ શાસ્ત્રો સાંભળવામાં આદરબુદ્ધિ નહિ રાખવી.

૬ જિનદર્શનમાં ચાલનારના માર્ગમાં ધર્મવિરૂદ્ધ વિચાર, પ્રવૃત્તિદ્વારા તેને અટકાવી દેવો.

૭ સારી રીતે શાસ્ત્રાભ્યાસ કરેલ હોય તો પણ પાંડિત્યપણાનું અભિમાન-ઘમંડ કરવો.

---

૩૧ જે રીતે સ્ત્રીઓ ઘરેણાં અને સારાં લુગડાઓનું સ્મરણ કરે છે તેમ મનુષ્યે પ્રભુ–સ્મરણ કરવું.

૩૨ જે રીતે રોગી મનુષ્ય વૈદ્યનું સ્મરણ કરે છે તેમ મનુષ્યે પ્રભુ–સ્મરણ કરવું.

૩૩ જે રીતે છાપાના તંત્રીઓ નવા નવા સમાચારોનું સ્મરણ કરે છે તેમ મનુષ્યે પ્રભુ–સ્મરણ કરવું.

૩૪ જે રીતે જુગારી મનુષ્ય ખાતા–પીતા–ઊઠતા–બોલતા એક માત્ર જુગારનું જ ધ્યાન–સ્મરણ કરે છે તેમ મનુષ્યે પ્રભુ–સ્મરણ કરવું.

૩૫ જે રીતે યોગી પુરૂષો યોગ–સમાધિનું સ્મરણ કરે છે તે રીતે મનુષ્યે પ્રભુ–સ્મરણ કરવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૮ મિથ્યા ઉપદેશ આપવો.

૯ શાસ્ત્રના સારા જાણકાર હોય તેનો તિરસ્કાર કરવો અથવા બહુશ્રુતધારકનું અપમાન કરવું.

૧૦ મિથ્યા પક્ષને પકડી પોતાનો પક્ષ સિદ્ધ કરવા, તેની પુષ્ટિ કરવા પંડિતપણું દેખાડવું.

૧૧ પોતાના સમિચિન પક્ષને પંડિતાઈના ઘમંડપણામાં છોડી દઈ મિથ્યા પક્ષને ગ્રહણ કરવો.

૧૨ સત્ય માર્ગની બાબતમાં અસંબંધ પ્રલાપ કરવો. વિના પૂર્વાપર વિષયનો સંબંધ તોડી જેમ તેમ બકવાદ કરવો.

૧૩ ઉત્સૂત્રભાષણ કરવું.

૧૪ કોઈ લૌકિક પ્રયોજનની સિદ્ધિ માટે શાસ્ત્રોનો અભ્યાસ કરવો અર્થાત્ પેટના વિકાર–દર્દ દૂર કરવા કોઈ ચિકિત્સા શાસ્ત્રાનુસાર ઉપવાસ વગેરે કરવો અથવા તેવા અભિપ્રાયવડે જૈન શાસ્ત્રોનું અવલોકન કરવું, અભ્યાસ કરનો અથવા તેવા પ્રયોજનવડે મિથ્યાત્વજ્ઞાનનું અધ્યયન કરવું.

૧૫ કોઈ જિજ્ઞાસુ તરફથી શાસ્ત્રોના પૂછાયેલા પ્રશ્નોના સમ્યક્ત્વપૂર્વક ઉત્તરો બીજા પાસેથી મેળવી, જાહેરમાં તેમનું નામ ગોપવી પોતાના નામે પ્રકટ કરવું.

૧૬ શાસ્ત્રો (ગ્રંથો) વિગેરેનું આજીવિકા માટે વેચવું અર્થાત્ શાસ્ત્રોનું સમ્યગ્જ્ઞાનની વૃદ્ધિ માટે દાન કરવું, પ્રકાશન કરવું ઉત્તમ છે; પરંતુ તેને વેચવું તે કારણ કે તે જ્ઞાનનો અનાદર અને અવિવેક કરવાનું કારણ છે.

૧૭ પ્રાણોનો ઘાત કરવો, તેના જ્ઞાનનો ઘાત કરવો.

ઉપરોક્ત કારણો સિવાય બીજા સમ્યગ્જ્ઞાનના વિઘાતક જે જે કારણો હોય તે તે સર્વ જ્ઞાનાવરણકર્મના આશ્રવ–હેતુ છે, જેથી વિવેકી મોક્ષાભિલાષી આત્માએ સમ્યગ્જ્ઞાનની વિરૂદ્ધ ઉપરોક્ત કે તેવી અન્ય પ્રવૃતિ, વિચાર, કાર્ય, ક્રિયા નહિ કરવા પૂરૂં લક્ષ આપવું.

(ગાંધી)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી ચિદાનંદજીકૃત હિતશિક્ષા અંતર્ગત.

સોપક્રમ આયુ કહ્યો, પંચમ કાળ મોઝાર;
સોપક્રમ આયુ વિષે, ઘાત અનેક વિચાર.

મંદ શ્વાસ સ્વરમેં ચલત, અલ્પ ઉમર હોય ક્ષીણ;
અધિક શ્વાસ ચલત અધિક, હીણ હોત પરવીણ.

ચાર સમાધિ લીન નર, ષટ્ શુભ ધ્યાન મઝાર;
તુષ્ણીભાવ બેઠા જયું દસ, બોલત દ્વાદશ ધાર.

ચાલત સોલસ સોવતાં, ચલત શ્વાસ બાવીશ;
નારી ભોગવતાં જાણજો, ઘટત શ્વાસ છત્રીશ.

થોડી વેળા માંહે જસ, વહન અધિક સ્વર શ્વાસ;
આયુ છીજે બલ ઘટે, રોગ હોય તન તાસ.

અધિક નાંહિ બોલિયે, નહિ રહિયે પડ સોય;
અતિ શીઘ્ર નવિ ચાલિયે, જો વિવેક મન હોય.

---

**સારબોધઃ**—આ પંચમકાળમાં જેને આઘાત લાગે એવું સોપક્રમ આયુ પ્રાયે કહ્યું છે. સોપક્રમ આયુષ્યમાંહે સમુદ્ઘાત યોગે અણજાણ્યું મૃત્યુ અનેકવિધ થાય છે.

જો અભ્યાસયોગે થોડા શ્વાસ લેવાય તો થોડી જ ઉમર ઘટે અને રોગાદિ કારણે કે વિષયાસક્તિયોગે વધારે પ્રમાણમાં શ્વાસ લેવાય છે તો ખરેખર અધિક ઉમર થોડા સમયમાં ક્ષીણ થઇ જાય છે.

સમાધિમાં લીન રહેનાર જ્યારે ચાર શ્વાસ લે છે ત્યારે શુભધ્યાન–ચિન્તવનમાં એટલા વખતમાં છ શ્વાસ લેવાય છે. મૌન બેઠેલ તેટલામાં દસ લેય છે અને બોલનારના બાર શ્વાસ બોલતાં લેવાય છે.

ચાલતાં સોળ શ્વાસ અને ચાલતાં બાવીશ શ્વાસ તેમ જ સ્ત્રી સાથે ભોગ ભોગવતાં છત્રીશ શ્વાસ ઘટે છે.

થોડીવારમાં જેને અધિક શ્વાસ ચાલે છે તેનું આયુષ્ય અને બળ ઘટે છે અને શરીરમાં રોગ ઉપજે છે.

તેથી જ પરમ ઉપગારી શ્રી ચિદાનંદજી મહારાજ છેવટે શિખામણ દે છે કે વિવેકવંત ભાઇ–બહેનોએ વગર જરૂરનું બોલવું નહીં, આળસુપણે પથારીમાં વધારે પડ્યા રહેવું નહીં અને અતિ વેગે ચાલવું–દોડવું નહીં. ઇતિશમ્.

સ. ક. વિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રાચીન પુસ્તકો અને પુસ્તકાલયો.

( લેખક-મુનિ હિમાંશુવિજયજી-ન્યાય-કાવ્યતીર્થ )

પુનિત ભારતદેશ બહુ જ લાંબા કાળથી જ્ઞાનની પૂજા કરતો રહ્યો છે. પ્રાચીન ભારતના ઇતિહાસ ભણી દૃષ્ટિ નાખતા જણાય છે કે ભારતના વાતાવરણમાં જ્ઞાન-જ્યોતિનો ઝળહળતો પ્રકાશ છે. એના ગ્રંથોમાં, એની ક્રિયાઓ અને કળામાં જ્ઞાનની મહત્તા સ્પષ્ટ જણાય છે. એના ધર્મોપદેશક બહુશ્રુત અને વિશ્રુત હતા. તેમના વાઙ્મયમાં 'पढमं नाणं तओ दया' 'ज्ञानक्रियाभ्यां मोक्षः' 'ऋते ज्ञानाद् न मुक्तिः' જેવાં ગંભીર અર્થવાળાં સૂત્રો અને મંત્રો હજારો વર્ષો પહેલાં ગુંથાયાં છે. ભારતના રાજવીઓએ પણ પ્રજાને શિક્ષિત-વિનીત કરવામાં પોતાનો આવશ્યક ધર્મ માન્યો છે.[1] ભારતના વિદ્વાનોએ એ જ્ઞાનની યશોગાથા ગાઇ, હજારો મૌલિક ગ્રંથો રચી, ભારતની જ્ઞાનભક્તિ જગતને બતાવી છે, જેની સંસ્કૃતિની ઉત્તમ અસર આખી આલમ ઉપર પડી છે એમ પુરાતત્ત્વજ્ઞો પણ કબૂલ કરે છે.

## : પ્રાચીન કાળની પદ્ધતિ :

આર્યાવર્તમાં બહુ પ્રાચીન કાળમાં જલ, વાયુ, પ્રકૃતિ તથા કાળબળના કારણે લોકોનાં શરીર આરોગ્યપૂર્ણ-સુદૃઢ હતાં, બુદ્ધિ તીક્ષ્ણ હતી; તેથી તેઓ ધર્મસૂત્રો-મંત્રો, ઋચાઓ અને સૂક્તોને ગુરૂ પાસે સાંભળી, શિખી, નિદિધ્યાસન કરતાં, તેને ગોખી કંઠાગ્ર કરતાં અને તેઓ જેવું શિખતા તેવું પોતાના શિષ્ય-પુત્રોને કંઠસ્થ શિખવતા. મતલબ કે તે વખતે બધા જ્ઞાનને મોઢે યાદ કરી હૃદયમાં સ્થાપન કરતાં, મગજમાં ભરી રાખતાં. પુસ્તકો કે શિલાલેખો એ બાહ્ય વસ્તુ હોઇ જડ-વિનશ્વર છે તેથી તેમાં ધર્મ-સૂત્રોને-વિદ્યાને લખવામાં તેઓ અનુચિત તથા અનાવશ્યક માનતા. તે વખતના વિદ્વાન્ ઋષિ-મુનિઓની સ્મરણશક્તિ પરાકાષ્ઠાએ પહોંચેલી હતી તેથી તેઓ લાખો શ્લોકોને કંઠસ્થ કરી તેના અર્થને સારી પેઠે સમજી હૃદયમાં જાળવી શકતા હતા. તે વખતના સ્મરણના દાખલાઓ સ્મરણશક્તિમાં ક્ષીણ થએલા આધુનિક લોકોને આશ્ચર્યમાં નાખે છે, એનું જ એ કારણ છે કે બહુ

---

૧ प्रजानां विनयाधानाद्.........રઘુવંશ પહેલો સર્ગ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાચીનકાળના ૨૪૦૦ વર્ષનાં ધર્મગ્રંથો પુસ્તકમાં લખેલાં નથી મળતાં તથા શિલાલેખો પણ નથી જણાતા.[1]

આનો અર્થ એ નથી કે "૨૪૦૦ વર્ષ પહેલાં લેખનકળા અસ્તિત્વમાં જ નહોતી આવી અથવા પુસ્તકો, કાગળો–લેખની વિગેરે હતાં જ નહિ." આ વાત ફક્ત ધર્મના મુખ્ય મુખ્ય આગમ વેદપિટક વિગેરે ગ્રંથો માટે જ છે.

જૈનો આગમો વિગેરેમાં સ્ત્રી–પુરુષની ૬૪ કે ૭૨ કળામાં લેખનકળાનો તથા બ્રાહ્મી વિગેરે લિપિનો ઉલ્લેખ અનેક સ્થળે આવે છે. તેમ ભારતદેશ હજારો વર્ષોથી સભ્ય–સંસ્કારિત હતો એટલે રાજ્યદરબાર, વ્યાપાર વિગેરેના વ્યવહારમાં તેમ શિક્ષણ વિગેરે બીજા વિષયના ગ્રંથો ભણવા–ભણાવવામાં અગર તો પુસ્તકો લખવાં–લખાવવાંનો ઉપયોગ જરૂર થતો હશે.[2] પણ બહોળા પ્રમાણમાં પુસ્તકો અને પુસ્તકાલયોની પ્રવૃત્તિ તો બુદ્ધ અને મહાવીરસ્વામીના નિર્વાણ પછી કેટલીક શતાબ્દિ પછી ચાલુ થઇ છે એમ મારું માનવું છે તેમ ધર્મના મૂળ ગ્રંથો પણ પાછળથી પુસ્તકોમાં લખાણા છે.

## : ધર્મગ્રંથોને પુસ્તકોમાં લખવાની પ્રથા :

ધર્મના મુખ્ય–માન્ય ગ્રંથો પુસ્તકમાં નહિ લખવાની પદ્ધતિ ઘણા વર્ષો સુધી ચાલી. જૈન, બૌદ્ધ અને વૈદિક સંપ્રદાયોમાં મોટે ભાગે ધર્મગુરુઓ ત્યાગી, સાત્વિક અને નિઃસ્પૃહ હતા. સમય જતાં ધર્મનો ફેલાવો સામાન્ય–વિશેષ પ્રજામાં તથા રાજાઓમાં કરવાની વૃત્તિ તેમનામાં જાગી. દુકાલ વિગેરે કુદરતના કોપથી લોકોની સ્મરણશક્તિ પણ કુંઠિત થવાથી મુખાગ્ર ધર્મશાસ્ત્રો ભૂલાતાં ગયાં. તેમાં અશુદ્ધિઓ વધતી ગઈ. નવા નવા ગ્રંથો બનાવવાની તમન્ના પણ ઉદ્ભવી. આધ્યાત્મિક દૃષ્ટિ શિથિલ થઇ અને કીર્તિની કામના પૂર્ણ કરવા સાહિત્ય–શાસ્ત્રાર્થની આવશ્યકતા ઊભી થઇ. આ બધાં કારણોથી ધર્મગ્રંથો જે પહેલાં મોઢે જ યાદ રખાતાં, તેને પુસ્તકમાં લખી–લખાવી તેની એક યા અનેક કોપીઓ કરાવી. તે પ્રમાણે સાહિત્યનો પ્રચાર કરવાની રીતિ ચાલુ થઈ. જે સંપ્રદાયમાં સ્મરણશક્તિ પહેલી ખૂટી તેમાં ધર્મશાસ્ત્રને પુસ્તકોમાં લખવાની

૧ જૈનોનાં આગમગ્રંથોના લેખનકાલ (પુસ્તકારૂઢકાલ) માટે હું બીજો લેખ લખવાનો છું.

૨ 'મૃચ્છકટિક' નાટકમાં લખ્યું છે કે **વસંતસેના** વેશ્યાને ત્યાં વાંચવા માટે '**કામશાસ્ત્રનું પુસ્તક**' એક રૂમમાં રખાયું હતું. રાજાઓ કથા–ધર્મના પુસ્તકો પુરોહિતો પાસે સાંભળતા એ જૂની રીતિ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રથા પહેલી શરૂ થઇ અને જેમાં સ્મરણશક્તિ મોડી ખૂટી તેમાં ધર્મશાસ્ત્રો મોડા પુસ્તકારૂઢ થયાં. જેની જ્યારે આવશ્યકતા પડે ત્યારે તે ઉત્પન્ન થાય છે એ હિસાબે આ કાર્યમાં સહુ પહેલાં બ્રાહ્મણો ચેત્યા. પછી બૌદ્ધોએ તેનું અનુકરણ કર્યું અને તે પછી આવશ્યકતા ઊભી થતાં જૈનોએ પણ આ સુધારાને અમલમાં મૂક્યો; તેથી જ લખેલાં જૈન શાસ્ત્રો ૨૦૦૦ પહેલાનાં નથી મળતાં. આ સુધારાનો કાળ લગભગ આજથી ૨૨૦૦ વર્ષ પહેલાનો છે. પંદરસો વર્ષથી આની પ્રગતિ વેગથી થઈ.

તે પછી તો દરેક લોકો દરેક દેશમાં અને સમયમાં તે રીતિનો ઉપયોગ કરવા લાગ્યા. કવિઓએ તેનાં વર્ણનો શરૂ કર્યાં. ધર્મગ્રંથો અને કાવ્યકથા ગ્રંથોમાં સરસ્વતી નામની એક વિદ્યાધિષ્ઠાત્રી દેવીની કલ્પના થઇ અને તે દેવીના હાથમાં પુસ્તકો હોય છે તેમ પણ લખાયું.[1]

## : પુસ્તકો લખવાની કલામાં વિકાસ :

પુસ્તકો[2] લખવા-લખાવવામાં પુણ્ય અને કીર્તિ મેળવવાના ઉપદેશો અપાણા અને તેને સિદ્ધ કરનારાં દૃષ્ટાન્તો શોધાણાં અથવા ઘડ્યાં. પુસ્તકો લખવા માટે જાતજાતની શાહી, કાગળો, કલમો, પુંઠાં, સાપડાં, બંધન વિગેરે સામગ્રીઓ ઉપજાવવાની શોધો થઈ. ચિત્રકળા, લિપિ અને સારાં અક્ષરોની કલામાં દિવસે દિવસે વિકાસ થયો. ઠેરઠેર પુસ્તકાલયો યોજાયાં. દરેક લોકોમાં જ્ઞાનના પ્રચારનો માર્ગ સહેલો થઈ પડ્યો. આ રીતે પુસ્તકો લખવાની છૂટ થવાથી વિદ્વાનોમાં ગ્રંથો રચી, પોતાની કીર્તિસમા પુસ્તકો જગત્‌માં મૂકી જવાની તમન્ના જાગી. તેના પરિણામે અનેક ઐહિક અને પારલૌકિક વિષયના લાખો ગ્રંથો દરેક સંપ્રદાયોમાં બન્યા, જેથી ભારતના દરેક ભાગમાં સારાં સારાં પુસ્તકાલયો કરવામાં આવ્યા. તેની રક્ષા, ઉપભોગ અને વૃદ્ધિ તથા શોભાને ટકાવવા સારૂં અનેક પ્રયોગો થયાં. આજે પણ ભારતમાં પ્રાચીન મૌલિક

૧ 'वाएसिरी पुत्थयवग्गहत्था' (वागीश्वरी पुस्तकवर्गहस्ता) દેવલોકમાં દેવતા અને ઇન્દ્રો પણ પુસ્તક રાખે છે એવી માન્યતા થઇ.

૨ पुत्थयलिहणं पभावणातित्थे सड्ढाणकिच्चमेअं ॥ **मन्नहजि०** पुत्थए लिहावेइ ।– **કુમારપાલપ્રતિબોધ** ૩૪૮.

पठति पाठयते पठतामसौ वसनभोजनपुस्तकवस्तुभिः ।
प्रतिदिनं कुरुते य उपग्रहं स इह सर्वविदेव भवेत् नरः ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પદ્ધતિના સમૃદ્ધ ભંડારો અસ્તિત્વ ધરાવે છે કે જે ઘણે ભાગે વિદ્યા–સાહિત્યપ્રેમી પૂર્વના જૈન શ્રમણ અને જૈનશ્રાદ્ધોના છે. જયપુર, કાશી, કાંજીવરમ્, વડોદરા, મદ્રાસ વિગેરે શહેરોમાં વૈદિક ભંડારો પણ નોંધવા લાયક છે.

વર્તમાનમાં જૈનોનાં પ્રાચીન પદ્ધતિનાં ખાસ ખાસ પુસ્તકાલયો છે ( પુસ્તક–ભંડારો કે જે જૈનોની માલિકીમાં છે ) તેની નોંધ અહીં આપવાથી વાચકોને ઉપયોગી થશે.

૧ પાટણ કે જે ગાયકવાડ સરકારના અમલમાં માનવંતુ શહેર છે ત્યાં મધ્યકાલ ( વિક્રમની ૧૧ થી ૧૭ મી સદી સુધીના ) બહુ જ મહત્વના જુદા જુદા લગભગ ૯ જૈન ભંડારો છે, જેમાં હાલ હસ્તલિખિત પ્રાચીન ૧૩૦૦૦ જેટલાં પુસ્તકો છે. [૧]

૨ વડોદરામાં શ્રી હંસવિજયજી મહારાજ તથા વિદ્યાપ્રેમી પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મહારાજના બે ભંડારો છે જેમાં હજારો પ્રાચીન પુસ્તકો છે. તે સિવાય શ્રી મોહનસૂરિના જ્ઞાનમંદિરમાં પણ સારાં પુસ્તકો હશે.

૩ છાણીના ભંડારો.

૪ ખંભાતના ભંડારો.

૫ લીંબડી ( કાઠિયાવાડ ) ના ભંડારો.

૬ જેસલમેરમાં બહુ પ્રાચીન અને મહત્ત્વનાં સાત ભંડારો છે.

૭ ભાવનગરમાં પ્રાચીન ગ્રંથોનો જૂનો સંગ્રહ છે.

૮ અમદાવાદના ડેલાનો તથા ચંચલબાઇનો ભંડાર સારો છે.

૯ નાગોરના પ્રાચીન ભંડારો.

૧૦ પાલીના ભંડારો.

૧૧ ફ્લોધીનો ભંડાર.

૧૨ વિકાનેરના અનેક ભંડારો ( જેમાં હજારો પ્રાચીન પુસ્તકો છે ).

૧૩ આહોર ( મારવાડ ) નો ભંડાર ( જિતચંદ્રસૂરિજીસ્થાપિત )

---

૧ પાટણમાં તાડપત્ર ઊપર લખેલાં પુસ્તકો પણ ઘણાં છે. તેમાં સંઘવીના પાડામાં સંઘવી પાડા ઉપાશ્રયમાં જે ભંડાર છે તેમાં ૪૦૦ તાડપત્ર ઉપર લખેલ ગ્રંથો છે જે લંબાઇમાં બે હાથ તથા પહોળાઇમાં ચાર–પાંચ આંગળ જેટલા છે તે અમે નજરે જોયાં છે. ચૌદમી સદી સુધી ગ્રંથોને તાડપત્ર–ભોજપત્ર ઉપર લખવાની પ્રથા મુખ્યપણે હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૪ ઈન્દોર ( માળવા ) નો યતિ માણેકચંદ્રજીનો ભંડાર.

૧૫ ઉજ્જૈન ( માળવા ) નો યતિ રત્નવિજયજીનો ભંડાર.

૧૬ આગ્રાનું શ્રી વિજયધર્મસૂરિજી જ્ઞાનમંદિર ( જેમાં હસ્તલિખિત ૭૦૦૦ પુસ્તકોનો સુંદર સંગ્રહ છે ), બીજા પણ ભંડારો છે.

૧૭ પંજાબના જુદા જુદા ગામમાં અનેક ભંડારો છે જેમાં ડૉ. બનારસીદાસજી જૈનના કથનથી ૨૦૦૦૦ હાથથી લખેલાં પુસ્તકો છે.

૧૮ ભોપાલનો ભંડાર.

૧૯ પાલનપુરમાં સંઘનો ભંડાર ( જૈનશાળામાં ) તથા તપાગચ્છના ઉપાશ્રયમાં ડાયરાનો ભંડાર.

૨૦ સુરતમાં અનેક ભંડારો છે.

૨૧ મુંબઈમાં માંડવી બંદરનો દશાઓસવાલ જૈનનો ભંડાર તથા શ્રી મોહનલાલજી જૈન સેન્ટ્રલ લાયબ્રેરીનો ભંડાર છે.

૨૨ પૂનાનો જૈન ભંડાર.

૨૩ દક્ષિણમાં માલેગામ, માઈસોર, મદ્રાસ વિગેરેના જૈન ભંડારો ઘણા સારા કહેવાય છે કે જેમાં સંસ્કૃત, પ્રાકૃત ઉપરાંત કાનડી, તામિલમાં ઘણું જૂનું ઉચ્ચ સાહિત્ય ભર્યું છે.

૨૪ તે સિવાય જૈન વસતીવાળા ગામમાં સંખ્યાબંધ જૈન ભંડાર છે કે જે સંઘ, જતિ, સાધુ, સાધ્વી તથા મહાત્માઓના હાથમાં છે; પણ તેની વ્યવસ્થા સારી નહિ હોવાથી દિવસે દિવસે તે લોભથી વેચાય છે પ્રમાદથી બગડે છે અને અજ્ઞાનતાથી વિદ્વાનો ને સમાજને ઉપયોગમાં નથી આવતું. જૈન સંઘે તેની સારી વ્યવસ્થા કરી સાહિત્યની રક્ષા કરવી જોઈએ.

૨૫ શીરોહી ( મારવાડ ) નો ભંડાર.

૨૬ કોડાયા ( કચ્છ ) નો ભંડાર.

મેં ક્યાંક વાંચ્યું છે કે જર્મનીના વિદ્વાન્ ડૉ. જી. બુહ્લરે ( G Buhler ) મુંબઈ ઇલાકાના જૈન ભંડારો જોયા હતા, તેમાં તેમણે એક લાખ ( ૧૦૦૦૦૦ ) જેટલાં હસ્તલિખિત પુસ્તકો જોયાં હતાં.

આ જૈનભંડારો સિવાય વડોદરામાં પ્રાચ્યવિદ્યામંદિર ( કે જેમાં ૧૪૦૦૦ હસ્તલિખિત ગ્રંથો એકઠા કર્યા છે ), પૂના ડેક્કન કોલેજનો પ્રાચીન પુસ્તક-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિભાગ, મદ્રાસ, માઈસોર, કલકત્તા એસીયાટીક સોસાયટી, કાશ્મીરના ભંડારો, બનારસનો સંગ્રહ, નેપાલનો પુસ્તકસંગ્રહ, જયપુર વિગેરેના ભંડારો પણ બહુ જ મહત્ત્વનાં અને જૂનાં છે.

આ આપણાં પ્રાચીન પદ્ધતિનાં પુસ્તકાલયો તરફ વીસમી સદીમાં સહુ કરતાં વધુ અને પહેલું ધ્યાન દરિયાપારના વિદ્વાનોનું ગયું. તે પછી આપણે પણ થોડા ઘણા અંશે ચેત્યા અને ધીરે ધીરે ચેતતા જઈએ છીએ. તેના પરિણામે તે ભંડારોના અનેક રિપોર્ટો–સૂચિપત્રો અનેક પદ્ધતિનાં તૈયાર થયા છે, જેમાં કેટલાંક ઘણી ઉત્તમ ઢબનાં છે. કેટલાંક સૂચિપત્રોની મને ખબર છે તે અહીં આપું છું:—

૧ પીટર્સનના પાંચ રિપોર્ટો (સૂચિપત્રો).

૨ રૉયલ એસિયાટીક સોસાયટીના છ રિપોર્ટો.

૩ બેંગાલ એસોસીએશનનું સૂચિપત્ર.

૪ વડોદરાથી પ્રકાશિત કવીન્દ્રાચાર્ય ગ્રંથસૂચિ (ગાયકવાડ ઓરીયન્ટલ સિરિઝથી પ્રકાશિત).

૫ ' જેસલમેર ભાંડાગારીય [૧]ગ્રંથસૂચી. '

૬ પાટણના ભંડારોનું સૂચિપત્ર. (જે વડોદરા ગાયકવાડ ઓ. સી. તરફથી બહાર પડવાનું છે. સંપાદક પં. લાલચંદ ગાંધી.)

૭ તાંજોરના પુસ્તકોનાં કેટલૉકો. (અનેક વૉલ્યુમ છે.)

૮ જૈન ગ્રંથાવલી, (જૈન શ્વેતાંબર મૂ. કૉન્ફરન્સ–મુંબઇ)

૯ લીંબડીના ભંડારનું સૂચિપત્ર. (શ્રી ચતુરવિ.મ.સંપાદિત)

૧૦ આગ્રાનાં પ્રાચીન પુસ્તકોનું સૂચીપત્ર.

૧૧ યતિ પ્રેમવિજયનાં પુસ્તકોનું સૂચીપત્ર (ઉજ્જૈનનું).

૧૨ ડૉ. જી. બુહ્લરનો રિપોર્ટ.

૧૩ ડૉ. ભાંડારકર (R. O. Bhandarkar) ના સૂચીપત્રો.

૧૪ ડૉ. વેબર (A. Weber) નું જૈનગ્રંથોનું કેટલૉક.

૧૫ કાશીનાથ કન્તેનું સૂચીપત્ર (પંજાબના પુસ્તકોનું, જે સન્ ૧૮૮૨ સુધી બહાર પડ્યું છે.)

૧ આમાં **જેસલમેરના** કેટલાક ભંડારોનાં પુસ્તકોની સૂચી છે, જે શ્રીયુત્ ચીમનલાલ દલાલે કરી હતી. આનું સંપાદન પં. લાલચંદ ભગવાનદાસ ગાંધીએ કર્યું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૬ શ્રીયુત રાજેન્દ્રલાલ મિશ્ર (બંગાલ તથા વિકાનેરના પુસ્તકોની સૂચી).

૧૭ ફાર્બસ સભાના તથા કવિ દલપતના ગ્રંથોની સૂચી.[૧]

૧૮ ડૉ. [૨]વેલણકરનું ડેક્કન કોલેજના પ્રાચીન ગ્રંથોનું (અંગ્રેજીમાં) કેટલૉક.

૧૯ પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડીયાનું પૂના ભાંડારકર ઇન્સ્ટીટયુટના જૈન ગ્રંથોનું સૂચીપત્ર (અંગ્રેજીમાં).

પૂર્વકાલમાં પણ આવી વ્યવસ્થિત સૂચીઓ કરવા તરફ વિદ્વાનો પ્રવૃત્તિ કરતા હતા. તે પદ્ધતિની એક પ્રાચીન **ગ્રંથસૂચી**, જેનું નામ **बृहत् टिप्पनिका**[૩] છે તે મળી આવી છે. આ સૂચીમાં આગમ, ન્યાય, વ્યાકરણ, છન્દ, સાહિત્ય, નાટક, જ્યોતિષ, શકુનયોગામ્નાયમંત્રકલ્પ, સામુદ્રિક, પ્રકીર્ણક વિગેરે વિષયોના પુસ્તકો જુદા જુદા વિષયોના વિભાગોમાં લખ્યાં છે. તેમાં ગ્રંથનું નામ, તેના કર્તા–વૃત્તિ–વૃત્તિકર, ગ્રંથનું પરિમાણ, શ્લોક, પેજ વિગેરે તમામ હકીકત બહુ સુંદર રીતે વિદ્વત્તાપૂર્વક લખી છે. આવી સૂચીઓ પહેલા ઘણીય હશે અને તેનો ઉપયોગ પણ બહુ થતો હશે.

વાચકો જોઇ શકશે કે આપણા હિન્દમાં પૂર્વકાળમાં જ્ઞાનપૂજા કેટલી ઉન્નતિ ઉપર પહોંચી હતી? આપણું સાહિત્ય કેટલું સમૃદ્ધ થયું હતું? આપણા વિદ્વાનોએ કેટલી કુશળતાપૂર્વક બુદ્ધિનો ઉપયોગ કર્યો હતો અને આપણા રાજા–મહારાજા તથા ઉદાર ધનિક દાનીપુરૂષોએ આ કાર્યમાં કેવો સુંદર ફાળો આપી આપણી સંસ્કૃતિને દૈવિક બનાવી છે. લગભગ બે હજાર વર્ષમાં પુસ્તકકલામાં પણ ભારતે સારી સરખી પ્રગતિ કરી છે એમ દરેકને માનવું પડે છે.

અત્યારે પહેલાં કરતાં પુસ્તકોને લખવાં, છપાવવાં, સુંદર આકારમાં ફેશનેબલ કરવા વિગેરેનાં સાધનો વધ્યાં છે, માટે હવે આપણે વધુ ઝડપથી, સાવધાનીથી અને બુદ્ધિમત્તાપૂર્વક સુંદર કાર્ય કરી બતાવવાનો પ્રસંગ છે. બીજા દેશોએ આપણા કરતાં વધારે પ્રગતિ કરવા માંડી છે તે હિસાબે વીસમી સદીમાં આપણે પાછળ છીએ. ખુશીની વાત છે કે ભારતમાં આપણાં કેટલાક રાજવીઓને વિદ્યા–સાહિત્યનો શોખ લાગ્યો છે તેથી તેઓ સત્તા

૧ છાપેલ પુસ્તકોનાં પણ કેટલાંક સૂચીપત્રો છપાયા છે, જેમાં ડૉ. ગેરીનોટ (A. Guerinot) નું **જૈન** ગ્રંથોનું કેટલૉક, શ્રીમાન્ બુદ્ધિસાગરજીનું મુદ્રિત **જૈન** ગ્રંથ સૂચી તથા સેન્ટ્રલ લાયબ્રેરીનાં પુસ્તકો મુખ્ય છે.

૨ સત્તર અઢાર નંબરના સૂચીપત્રો હજી સુધી બહાર પડયાં નથી, છપાઇ રહ્યાં છે.

૩ આ **बृहट्टिप्पनिका** આખી ય જૈન સાહિત્ય સંશોધકમાં છપાણી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આચાર્યદેવનું સ્તુતિ કાવ્ય.

વિજયકા ડંડા બજવાયા દુનિયામેં વિજયવલ્લભસૂરિને;
અહિંસા અમૃત પીલવાયા આલમકો વિજયવલ્લભસૂરિને. ૧
વો જ્ઞાની હૈ વો ધ્યાની હૈ, વો ત્યાગી હૈ બૈરાગી હૈ;
કર ત્યાગ જગતકો શીખલાયા, ઈન્હ ત્યાગી વિજયવલ્લભસૂરિને. ૨
વો નિશદિન દિલમેં ચાહતે હૈ, ઉન્નતિ જૈન સમાજનકી;
કર્તવ્ય પે ઉટના દિખલાયા, ઈન્હ યોગી વિજયવલ્લભસૂરિને. ૩
મહાવીર કા શાસન માન લીયા, ઔર જગ કો જૂઠા જાન લીયા;
જૈન ધર્મકા ઝંડા લહરાયા, ઈન્હ પ્રતાપી વિજયવલ્લભસૂરિને. ૪
જૈન બાલાશ્રમ કો ખુલવાયા, અજ્ઞાન–અરિ કો રુલવાયા;
કર જ્ઞાન કા પ્રચાર મરુધર મેં, ઈન્હ જ્ઞાની વિજયવલ્લભસૂરિને. ૫
હૈ મુગ્ધ સમાજકે નેતા સબ, આપકે ચમત્કૃત કાર્યોં સે;
કર ચમત્કાર કો દીખા દીયા, ઈન્હ વક્તા વિજયવલ્લભસૂરિને. ૬
ગુજરાત દેશમેં જન્મ લીયા, પ્રભાવકા કીર્ણ પ્રસાર દીયા;
હિન્દ દેશકો દુઃખસે બચા લીયા, ઉપગારી વિજયવલ્લભસૂરિને. ૭
નિંદા સે વો નહિ ડીગતે હૈ, પ્રશંસા સે વો નહિં પુલતે હૈ;
સમતા–સિન્ધુ મેં સ્નાન કીયા, ઈન્હ સંયમી વિજયવલ્લભસૂરિને. ૮
વો વલ્લભ હૈ ઔર દુર્લભ હૈ, હૈ જૈન કોહીનુર જૈનો કા;
દેવેન્દ્ર કે કોટિશઃ વંદન હૈ, ઈન્હ વીર વિજયવલ્લભસૂરિને. ૯

**દેવેન્દ્રકુમાર–ધામડોદ**

---

ધનથી સારૂં કાર્ય કરી રહેલ છે જેમાં શ્રીમંત ગાયકવાડ સરકાર પણ આગળ પડતા રાજવી છે. **તેમણે આખા ગુજરાતને શિક્ષિત, સંસ્કારી તથા પુસ્તકપ્રેમી બનાવવામાં ઘણો સારો ફાળો આપ્યો છે.** અને પાટણ વિગેરેના જૈન ભંડારોની કીંમત આંકી તેમાંથી સારાં સારાં ગ્રંથો બહાર પાડ્યા છે–પાડે છે. આશા છે કે આ કાર્યમાં દિવસે દિવસે વધુ પ્રગતિ થશે અને હિંદના ઘરે ઘરે શિક્ષણ સાહિત્યનો પ્રચાર થશે.

**भारते भातु भारती**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સુખની શોધમાં

અનુ—વિઠ્ઠલદાસ મૂ. શાહ બી. એ.

**अशान्तस्य कुतः सुखम् ?**

પંડિત કે મૂર્ખ, ધનવાન કે નિર્ધન, રાજા કે રંક, દાની કે ભિક્ષુક, વિરાગી કે રાગી, પ્રત્યેક મનુષ્યનું ધ્યેય સુખની શોધ કરવાનું હોય છે. સૌ કોઇ ઇચ્છે છે કે હું તથા મારા પરિજન સુખી થઇએ. એવા સુખની શોધમાં પોતપોતાની બુદ્ધિ–પ્રતિભા અનુસાર સૌ લોકો પ્રયત્નશીલ રહે છે. એ સુખની પ્રાપ્તિ માટે તપસ્વી તપ કરે છે, દાની દાન આપે છે, યાત્રિકો તીર્થયાત્રા કરે છે, વીરપુરૂષ વીરતા દેખાડે છે. એ સુખની પ્રાપ્તિ અર્થે રાજા દિગ્વિજય કરે છે. સંસારના સઘળા આદાન–પ્રદાન આ સુખની શોધ માટે જ થાય છે. સુખની શોધમાં ચોર ચોરી કરે છે, વ્યભિચારી વ્યભિચાર કરે છે, દુઃખી મનુષ્ય એ સુખની આકાંક્ષાથી વિષપાન કરે છે અને સુખી વ્યક્તિ સુખની ઇચ્છાથી અમરત્વ ઇચ્છે છે. ટૂંકામાં, દુનિયાના બધા પાપ તેમજ પુન્ય એ સુખની શોધમાં જ થઇ રહ્યા છે. જે વ્યક્તિ વસ્તુતઃ સુખ પામે છે તેને કશું પણ મેળવવાનું બાકી રહેતું નથી. જે એને નથી મેળવતો તે વિશ્વના વૈભવમાં રહેવા છતાં પણ ઝંખ્યા કરે છે. એથી એક બીજાની દૃષ્ટિમાં સૌ માણસો અપેક્ષાએ સુખી હોવા છતાં પણ દુઃખી પ્રતીત થાય છે. સુખની સમગ્ર સામગ્રી હોવા છતાં પણ તૃષ્ણાની ભીષણ જ્વાળાથી સૌના અંતઃકરણ બળતા જ હોય છે. ક્ષિતિજની માફક તૃષ્ણાની સીમા નહિ હોવાથી તજ્જન્ય દુઃખની ધીમી ઉંડી વેદના સૌના હૃદયમાં રહ્યા જ કરે છે. જેવી રીતે કોઈ સમાધિસ્થળમાં સ્ત્રી–પુરૂષ, શત્રુ–મિત્ર, યોગી–ભોગી, રાજ–રંક તથા વીર–કાયર સૌ ભેગા મળીને કોઇ જાતના ભેદભાવ વગર એક જ પ્રકારની માટીના ઢગલામાં અવશિષ્ટ રહે છે અને સૌન્દર્ય, શકિત તથા યૌવન જરા–જર્જરિત જીર્ણતા, દુર્બળતા તથા અંગભંગની સાથે મળી જઈને ભેદભાવ વગર એ માટીમાં સમાવિષ્ટ થઇ જાય છે. તેમજ જેવી રીતે સર્વ પ્રકારના વૈભવ તથા સૌન્દર્યથી પોષાયલું શરીર ચિંતાની જ્વાળામાં કોઇપણ જાતના વૈષમ્ય વગર સૌન્દર્ય વગરના સુકાઈ ગયેલા શરીરની માફક બળીને રાખ થઈ જાય છે તે રીતે ઉંચ–નીચ, વૈભવ તથા વૈભવહીનતાનો ખ્યાલ ન કરતાં તૃષ્ણાની ભીષણ જ્વાળા સૌના શરીરને બાળી રહેલી છે. તપસ્વીને પ્રખર તપની, દાની પુરૂષને દાનાધિકયની, ચોરને ક્ષણિક સુખની, દુઃખીને દુઃખમુકિતની અને ક્ષણિક સુખીને ચિરસ્થાયી સુખની તૃષ્ણા એકસરખી રીતે જ કષ્ટ આપી રહેલ છે. અભિલાષાની અધિકતા ગમે તે પ્રકા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રની હોય તો પણ તે તૃષ્ણા વધારવા બરાબર જ છે. એનાથી દુઃખ ઘટવાને બદલે વધ્યા કરે છે. જેવી રીતે દીપક રાગથી બળી રહેલા મનુષ્યને વિશ્વના સર્વ કૃત્રિમ શીતપ્રતિકાર વધારે દુઃખી કરે છે, તેને તો કેવળ મલાર રાગના જ આલાપથી શાંતિ થવાનો સંભવ છે તેવી જ રીતે તૃષ્ણાસંતપ્ત શરીરને પણ બીજા ઉપચારોથી શાંતિ નથી, તેને તો સંતોષ-સરિતાના પાવન પાણીના જ અવગાહનથી શાંતિ મળી શકે છે. હવે વિચારવા જેવો પ્રશ્ન એ છે કે સંતોષ કેવી રીતે મેળવી શકાય? એ સંતોષ પ્રાપ્ત કરવા માટે તપસ્વી તપ કરે છે. દાનવીર દાન કરે છે, રાજા દિગ્વિજય પ્રાપ્ત કરે છે. એ જ વિદ્વાનોની વિદ્વત્તા છે. ધર્મશાસ્ત્રોનો સાર છે. એ મેળવ્યા પછી ચોર ચોરીનું, વ્યભિચારી વ્યભિચારનું પ્રાયશ્ચિત કરે છે. એ જ ૠષિમુનિઓની તપસ્યાનું ફળ છે. જે એ સંતોષ પ્રાપ્ત કરી લે છે તે સુખનું સામ્રાજ્ય ખરીદી લે છે. જેવી રીતે અંધકાર પ્રકાશથી નાશી જાય છે, છળકપટ સત્યથી નાશી જાય છે તેવી રીતે તેની પાસેથી દુઃખ નાશી જાય છે. એ સંતોષ પ્રાપ્ત કરવો એટલે વિશ્વનો ભંડાર પ્રાપ્ત કરવો. એ કેવી રીતે પ્રાપ્ત થઇ શકે છે? એ બતાવવાનો પ્રયત્ન આગળ ઊપર કરવામાં આવશે.

જેવી રીતે અભિનયકુશળ આચાર્ય નાટકમાં પાત્રોનો સમાવેશ તેઓની યોગ્યતાના આધાર પર નિર્ધારિત કરે છે તથા કોઇ મહોત્સવનો અધિનાયક સ્વયંસેવકોની ચુંટણી તેઓની યોગ્યતાના આધાર ઉપર નિર્ધારિત કરે છે તેવી જ રીતે આ સંસારના ક્રીડાક્ષેત્રમાં આ વિશ્વની લીલાભૂમિમાં તેની અધિષ્ટાતૃ દેવી નિયામિકા પ્રકૃતિદેવી પણ સંસારના પાત્રોનો સમાવેશ તેઓની બુદ્ધિ-પ્રતિભા, કર્તવ્યાકર્તવ્યના આધાર ઉપર નિર્ધારિત કરે છે. આચાર્ય, અધિનાયક તથા સેનાનાયક મનુષ્ય હોવાને લઇને અદૂરદર્શી, અલ્પજ્ઞ, રાગ-દ્વેષ યુક્ત હોઈ શકે છે તથા પોતાના પાત્ર-વિન્યાસમાં ભૂલ કરી શકે છે; પરંતુ પ્રકૃતિદેવીથી એ ભૂલ થવાનો સંભવ નથી, તેથી જેવી રીતે કુશળ પાત્ર, ગુણવાન સૈનિક અને સાચો સ્વયંસેવક પોતાના અધિનાયકોના નિર્ધારણમાં જરા પણ અડચણ ન કરતાં તન-મન-ધનથી (મનસા-વાચા-કર્મણા) આજ્ઞાપાલનમાં સંલગ્ન રહે છે એવી જ રીતે આ સંસારક્ષેત્રના વિવેકી જ્ઞાની પાત્રો જે પરિસ્થિતિમાં આવી પડે છે તેને બરાબર રીતે કોઇપણ જાતના રાગ-દ્વેષ વગર નભાવી લે છે. તેનાથી જે અસંતોષ બતાવે છે તે પોતાનું કર્તવ્ય ભૂલે **છે.** જેવી રીતે નાટક એ નાટક તો જ કહેવાય છે કે જો તેમાં જીવનની અથવા સમાજની કોઇપણ ઘટનાનું સાચું ચિત્ર હોય. એમ હોય તો જ તે વૈષમ્ય યુક્ત બની શકે. એ વૈષમ્ય ન હોય તો એક જ પાત્રની પાત્રતાના ચિત્રણથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાટકનું નાટકત્વ લુપ્ત થઇ જાય છે. આપણે કદી પણ એવા નાટકની પ્રશંસા નહિ કરીએ કે જેમાં આદિથી અંત સુધી એક વ્યક્તિની એક જ અવસ્થાનું વર્ણન હોય. તેની વિભિન્ન પાત્રતા તથા તેનાં જીવનના વૈષમ્યનું ચિત્રણ એ જ આકર્ષણનું કારણ છે, તેથી એટલું ચોક્કસ છે કે નાટકમાં વિભિન્ન પાત્રો હોય, તેમાં જીવનની કે સમાજની વિષમતાનું સાચું ચિત્રણ હોય તો પછી એ પણ ચોક્કસ છે કે સર્વ સ્થાનોની પૂર્તિ માટે તત્તત્પાત્રો હોવા જોઈએ, તેથી જો પાત્રો અંદર-અંદર લડવા લાગે કે હું રાજા જ થઈશ, હું રાણી જ થઈશ, દાસ દાસીનો પાઠ હું નહિ લઉં તો નાટક ત્યાં જ સમાપ્ત થઈ જવાનું; કેમકે એ શકય જ નથી. પ્રથમ તો રાજા કે રાણીનો પાઠ એક જ વ્યક્તિ કરી શકે છે; બીજામાં પ્રત્યેક પાત્રની જુદા પ્રકારની યોગ્યતા આવશ્યક છે જે બધામાં નથી હોતી. એવી પરિસ્થિતિમાં યોગ્ય આચાર્યનું કર્તવ્ય છે કે તેણે પાત્રોની યોગ્યતા વગેરેનું સારી રીતે નિરીક્ષણ કરીને તેને યોગ્ય પાત્રનું સ્થાન આપવું. એમ કરવાથી જ નાટક સફલ થાય છે અને પાત્રની મશ્કરી નથી થતી. એટલા માટે પાત્રોનું પણ કર્તવ્ય છે કે કોઇપણ જાતના ઉહાપોહ વગર પોતાની જાતને યોગ્ય આચાર્યને અર્પણ કરી દેવી અને આચાર્ય જેવા સ્થાન પર પોતાનો નિયોગ કરે તે વગર સંકોચે નભાવી લેવું. એમાં જ તેના કલ્યાણનો સંભવ છે; અન્યથા નહિ.

તેથી જ કાળીદાસે કહ્યું છે કે—

**आज्ञा गुरूणां ह्यविचारणीया ।**

એવી રીતે આ સંસારની રંગભૂમિ ઉપર જુદા જુદા પ્રકારના પાત્રો આવે છે અને પોતાનો પાઠ ભજવીને ચાલ્યા જાય છે. સંસારનું તાત્પર્ય જ સંસરણશીલ (પરિવર્તનશીલ) છે. એ પ્રકારની વિવિધતા-વિભિન્નતાનું નામ 'સંસાર' છે. જ્યાં સુધી એ પરિવર્તન છે ત્યાં સુધી સંસાર એ સંસાર કહેવાશે. જ્યારે આપણને સંસારના એ વૈચિત્ર્યમાં જ આનંદ છે ત્યારે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્રની પણ નિતાન્ત આવશ્યકતા છે. વાચક-પાઠકનું અસ્તિત્વ પણ અનિવાર્ય છે. પ્રકૃતિદેવીને પણ બધાનો સમાવેશ કરવો જ પડશે. કોઇ બ્રાહ્મણ તો કોઈ શૂદ્ર કેમ છે? એ બધું પાત્રોની પાત્રતાથી જ નિર્ધારિત થાય છે. જેવા જેના કર્મ અથવા સંયોગ તેવા જ સ્થાન, દેશ અને કાળમાં અવતરે છે. એમાં સુખી-દુઃખી થવાની જરૂર નથી. મનુષ્યને હાથે પક્ષપાત થવાનો સંભવ છે, પરંતુ પ્રકૃતિદેવીના ક્ષેત્રમાં તથા આધિપત્યમાં પક્ષપાતનો લેશ પણ સંભવ નથી. ત્યાં તો જેવી જેની યોગ્યતા તે જ પ્રકૃતિદેવીની અનુભવ તુલામાં-તોળાઇને રખાણી છે. તેથી જેવી રીતે સાચો સ્વયંસેવક જ્યારે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સેવા માટે પોતાનું નામ લખાવે છે ત્યારે તે પોતાની જાતને અધિનાયકને અર્પણ કરી દે છે તેમ જ હલકામાં હલકું કાર્ય કરવા તત્પર રહે છે એટલું જ નહિ પણ જે કાર્ય કોઇ ન કરે એમ હોય તે કરવાને પણ તે તૈયાર રહે છે. તે જ સાચો સ્વયંસેવક પોતે સુખી થાય છે અને બીજાને સુખ આપનાર થાય છે. જે પોતાની જ ઇચ્છાથી પોતાની નિયુક્તિ ઇચ્છે છે અને જો એ સ્થાન ન મળે તો દુઃખી અથવા ઉદ્વિગ્ન થાય છે તે પોતે સુખી થઇ શકતો નથી તેમજ બીજાને પણ સુખી કરી શકતો નથી. તે એ ક્ષેત્રમાં પાપાચાર શરૂ કરે છે. કદાચ રાગાદિવશ થઇને તેને અધિનાયક ઇચ્છિત સ્થાન આપી દે છે તો તે સ્થાનની યોગ્યતા નહિ હોવાથી ત્યાં પણ તેને શાંતિ કે સુખ મળી શકતાં નથી. તે પોતાની જાતને ઉપહાસપાત્ર બનાવે છે એટલું જ નહિ પણ પોતે દુઃખી થાય છે અને બીજાને દુઃખી કરે છે. એટલા માટે જ ડાહ્યો માણસ અધિનાયકના સ્થાન–વિન્યાસમાં કદીપણ અડચણકર્તા નથી થતો.

એવી રીતે પ્રકૃતિદેવીના પાત્ર–વિન્યાસમાં અડચણ કરવી અથવા અસંતોષ સેવવો એ અવિવેક છે. પ્રકૃતિદેવીએ માણસના પરિસ્થિતિ, કર્તવ્યાકર્તવ્યને અધીન થઇને જ તેનું સ્થાન નક્કી કરીને તેને ઉત્પન્ન કર્યો છે. એમાં કોઇપણ જાતની ભૂલ નથી જ. જે માણસ આ વાત માનતો નથી તે પ્રકૃતિદેવીની દૂરદર્શિતા, ન્યાયપ્રિયતા અને સર્વજ્ઞતાની મશ્કરી કરે છે, તે પ્રકૃતિદેવીના વાસ્તવિક સ્વરૂપની અવહેલના કરે છે. તે હંમેશાં અશાંત અને દુઃખી જ રહે છે. તેને જ નાસ્તિક કહી શકાય કે જે પ્રકૃતિદેવીએ પોતાને જે સ્થાને નિયુક્ત કર્યો હોય તેનાથી અસંતુષ્ટ રહે છે. એવી જ વ્યકિત રાગ–દ્વેષને વશ થઇને સંસારમાં પાપાચાર, મિથ્યાચારનો પ્રસાર કરે છે. તે જુદી જુદી જાતના આડંબરોથી સંસારમાં દુઃખની સરિતા વહાવીને પોતે દુઃખમાં ડૂબી જાય છે અને બીજાને પણ દુઃખમગ્ન કરે છે. એટલા માટે વિવેકી વ્યક્તિનું કર્તવ્ય છે કે પ્રકૃતિદેવીએ પોતાને જેવી બુદ્ધિ, જેવું સ્થાન, જેવો દેશ, જેવો જન્મ આપેલ હોય તેમાં સંતોષ માનીને એ જ ઉપકરણોથી ઉચ્ચતા માટે તૃષ્ણા ન દેખાડતાં અને નીચતાના આંસુ ન પાડતા પોતાનું કાર્ય કર્યે જાય, કેમકે એને મન ઉચ્ચ–નીચ કશું છે જ નહિ, તે તો ઈશ્વરીય વિન્યાસના આધાર પર સઘળું કરવા રાજી હોય છે.

સઘળા સ્થાનો નાટકના પાત્રોની માફક યોગ્યતાનુસાર સરખા મૂલ્યના રાખવામાં આવ્યા છે, તેથી પાત્રભેદની ખાતર સુખ–દુઃખની આવશ્યકતા નથી જ. એ રીતે રહે છે તે જ સુખી છે. એ જ સુખનો મૂલમંત્ર છે. એ જ શાસ્ત્રોનું તત્ત્વ છે. એ જ મોક્ષનું આરંભ–સૂત્ર છે તેથી જ ભગવાન વ્યાસે કહ્યું છે કે—

**अशान्तस्य कुतः सुखम् ?**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રતિબિંબ

( રા સુશીલ. )

## શ્રી વિજયાનંદસૂરીશ્વરની શતાબ્દિ.

રજત જયંતી, સુવર્ણ જયંતી અને હિરક જયંતીના ઘણા ઘણા ઉત્સવો હમણા હમણામાં ઉજવાયા છે. દયાનંદ શતાબ્દિ જેવા અવસરે આર્યસમાજી બન્ધુઓએ ખૂબ ઉત્સાહ દર્શાવ્યો છે, અને આપણા જૈન સમાજમાં પણ શ્રી આત્મારામજી મહારાજની શતાબ્દિ ઉજવવા માટેની તૈયારીઓ ચાલી રહી છે. આ પ્રસંગે જયન્તી એટલે શું ? જયન્તીનો ઇતિહાસ ઉપલબ્ધ થાય છે કે નહીં ? તે જાણવાની સૌ કોઇને ઇચ્છા રહે એ સ્વાભાવિક છે. શ્રી બ્રજેન્દ્રનાથ શીલ નામના વયોવૃદ્ધ આચાર્યે, પોતાને મળેલા એક માનપત્રના જવાબમાં આ જયન્તી વિષે ઘણું સરસ તેમજ મનનીય વિવેચન કર્યું છે.

યાહુદીઓ અને ક્રીશ્ચીયનો પણ એક યા બીજા પ્રકારે જયન્તીમાં માને છે. અજ્ઞાન, વ્હેમ તથા વાસનાઓ સામે જેમણે થોડો પણ દિગ્વિજય વર્ત્તાવ્યો, માનવજાતના કલ્યાણ અર્થે જેમણે આત્મભોગ આપ્યો એવા પુરૂષોની જયંતીઓ ઉજવવાની પ્રથા જેટલી પ્રાચીન તેટલી જ ઉપાદેય છે. શ્રીયુત શીલ મહાશય એનો ઉલ્લેખ કરે છે અને હિંદુશાસ્ત્ર તથા બૌદ્ધ સાહિત્યમાં એનો કેવો ઉપયોગ થયો છે તે વર્ણવે છે.

વસંત ઋતુના સૂર્યોદયને વેદમાં જયન્તી તરિકે વર્ણવ્યો છે. સુરો અને અસુરોના યુદ્ધમાં દેવોનો વિજય એ જ જયન્તી; એવું ઉપાખ્યાન આલેખાયું છે. બુદ્ધદેવે, સંસારના વાસના-સૈન્ય ઉપર પોતાનું પ્રભુત્વ સ્થાપ્યું તે પ્રસંગને પણ બૌદ્ધ સાહિત્ય એક જયન્તીરૂપ માને છે.

મહાપુરૂષો અથવા પયગંબરોના જન્મ એક જ વાર થાય છે, પરંતુ તે જન્મની તિથિ તો દરવર્ષે આવે છે અને એ દિવસની ઉજવણીમાંથી અનુયાયીઓ નવી પ્રેરણા મેળવે છે. જયન્તી એટલે અજ્ઞાન સામે જ્ઞાનનો વિજય,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વ્હેમ–મિથ્યાત્વ સામે શ્રદ્ધા–સમ્યક્ત્વનો જય જયકાર ! જ્યારે જ્યારે જયન્તીઓ ઉજવાય છે ત્યારે ત્યારે વ્યક્તિને બદલે એ જ સનાતન સત્યનો સંદેશ દિગ્દિગન્તમાં વિસ્તરે છે.

જેમણે જ્ઞાનના દુર્ગમ શિખરે પહોંચી, પોતાની આસપાસના પ્રદેશમાં પ્રકાશનાં કિરણુ ફેંકયાં, જેમણે પોતાના પરાક્રમથી સંપ્રદાયની ન્હાની છતાં કઠિન બેડીઓ તોડી, એકી સાથે જ્ઞાન, સાધના, તપસ્વિતા અને નિર્ભયતાના સંદેશ પાઠવ્યા તે મહાપુરૂષના જન્મદિવસને જયંતી કે શતાબ્દિરૂપે ઉજવે એમાં કોઈ એક વ્યક્તિનું કે એક સંપ્રદાયનું જ નહીં પણ સમગ્ર જનતાનું શ્રેય સમાએલું છે. સો–સો વર્ષ પછી પણ કોઇ એક સુભાગી દિવસે, એ સદ્ગત પુરૂષના ગુણગ્રામ સંભારી, પોતાની ભક્તિ–અંજલી અર્પે અને એમના ભૂલાતા જતા જીવનસંદેશને સવિશેષ સંસ્મરણીય બનાવે એ સર્વથા ઇચ્છવા યોગ્ય છે એટલું જ નહીં પણ આ યુગની એક મ્હોટામાં મ્હોટી આવશ્યકતાને પહોંચી વળવા જેવું પુણ્યકાર્ય છે.

## કાશીમાં “ ફુટા મહાદેવ ”

જૈન સાહિત્યમાં વારાણુસી નગરીનો ઉલ્લેખ ઘણીવાર મળે છે. ભગવાન્ પાર્શ્વનાથની જન્મભૂમિ તરીકે એ નગરીને યાત્રાધામનું ગૌરવ મળ્યું છે. બૌદ્ધ તેમ જ વૈદિક સાહિત્યમાં તો એના માહાત્મ્યનો કોઇ પાર જ નથી. સારનાથ અને વિશ્વનાથને નામે બૌદ્ધોએ અને વેદિકોએ એ તીર્થસ્થાનની અસંખ્ય સ્તુતિઓ રચી છે.

આજે કાશીમાં ભદૈની તથા ભીલુપુરના આપણાં જૈન મંદિરો દર્શનીય તેમ તીર્થરૂપ ગણાય છે. તે ઉપરાંત કાશીની પાસે આવેલી ચંદ્રાવતી તથા સિંહપુરી જેવી પ્રાચીન નગરીઓની પણ જૈન જાત્રાળુઓ સ્પર્શના કરી, પોતાને કૃતાર્થ માને છે. સિંહપુરી–( સારનાથ ) શ્રી શ્રેયાંસનાથ ભગવાનનું જન્મકલ્યાણુક છે તો ચંદ્રાવતીમાં શ્રી ચંદ્રનાથ પ્રભુનું જન્મકલ્યાણુક છે.

શ્રીયુત કૈલાસચંદ્ર શાસ્ત્રીએ, કાશી અને તેની આસપાસના જૈનતીર્થોનું વર્ણુન કરતાં બીજી એક મહત્ત્વની તેમ જ રસિક વાતની નોંધ લીધી છે. તેઓ કહે છે તેમ કાશીની સાથે શ્રી સમંતભદ્ર નામના એક સમર્થ જૈન આચાર્યનો સંબંધ પણ ઘણો ચમત્કારિક હોઈ, કાશીના ધાર્મિક ઇતિહાસમાં એનો નિર્દેશ થવો જોઇએ.

હકીકત એમ છે કે લગભગ ત્રીજા સૈકાના મધ્યાહ્ન સમયે દક્ષિણુ તરફથી એક વિદ્વાન્ તપસ્વી કાશીમાં આવી ચડ્યા. એ હતા તો દિગંબર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈન મુનિ; પણ ભસ્મક રોગે એમને એવી બૂરી રીતે ઘેરી લીધા હતા કે ભારે આહાર વિના એમના દેહ કે મનને પૂરી શાંતિ મળતી નહીં. સ્વાદિષ્ટ, પુષ્કળ આહાર એ ભસ્મક રોગનું ખાસ લક્ષણ રહે છે. મુનિજી એ રોગના ભોગ બન્યા હતા.

શિવકોટી નામના શિવાલયમાં મુનિજી આવીને રહ્યા. એમનું નામ સમંતભદ્રજી. શિવાલયમાં રોજ મણુના હિસાબે ઉત્તમ ભોજનો તૈયાર થતાં. કાશીરાજ પોતે એ મંદિરના ભક્ત હતા. બ્રાહ્મણો તો શિવજી પાસે ભોગ ધરી, પાછો લઇ લેતા અને અંદર–અંદર વહેંચી લેતા. સમંતભદ્રજી તો શિવજી પાસે ધરાતો ભોગ, ત્યાં ને ત્યાં જ–શિવજીની સામે બેસીને, બારણાં બંધ કરીને સ્વાહા કરી જતા. અંધશ્રદ્ધાળુ માનતા કે સમંતભદ્રની શક્તિથી શિવજી પોતે બધો ભોગ પચાવી જાય છે. કેટલાક દિવસ સુધી એ ક્રમ ચાલુ રહ્યો. ખૂબ રસકસવાળાં ભોજન મળવાથી મુનિજીનો ભસ્મકરોગ શાંત થયો, પરન્તુ એટલામાં શ્રી સમંતભદ્રની એક ખૂબી ખુલ્લી થઈ જવા પામી. શિવજીનો ભોગ આરોગવા છતાં તેઓ કોઇ વાર શિવલિંગને વંદન કે નમસ્કાર નહોતા કરતા એ વાત બહાર આવી. શિવજીના નામે પોતે સઘળો ભોગ ખાઇ જાય છે એવો પણ કેટલાકોને વ્હેમ પડ્યો.

કાશીનરેશે, એક દિવસે, સમંતભદ્રને આજ્ઞા કરી: “ શિવજીને બે હાથ જોડી વંદન કરો : શિવજીની સ્તુતિ કરો. ”

સમંતભદ્રજીએ જરા યે ગભરાયા વિના જવાબ આપ્યો: “ મને સ્તુતિ કરવામાં કંઇ બીજી હરકત નથી, પણ એનું પરિણામ તમે ધારો છો તેવું સારૂં નહીં આવે; માટે મારૂં કહેવું માનીને એ આગ્રહ પડતો મૂકો તો ઠીક છે. ”

રાજાની હઠ કોણ નથી જાણતું ? કાશીરાજે, કોઇ પણ ભોગે સમંતભદ્રજીને શિવસ્તુતિ કરવાનો દુરાગ્રહ કર્યો.

“ મારી સ્તુતિ આ શિવપિંડી સહન નહીં કરી શકે. ” જૈન મુનિ સમંતભદ્રજીએ આખરી ખુલાસો કર્યો.

“ મારે એ જ જોવું છે.” મહારાજાએ કૌતુહલ અને અશ્રદ્ધા દર્શાવ્યાં.

મુનિજીએ સ્તુતિનો આરંભ કરતાં वंदे શબ્દનો જેવો ઉચ્ચાર કર્યો કે તે જ વખતે શિવપિંડીમાં મેઘગર્જના જેવો કડાકો સંભળાયો: પિંડીમાં એક મ્હોટો ચીરો પડ્યો. શિવભક્તો અને કાશીરાજનાં વદન ઉપર ગ્લાનિની શ્યામ રેખાઓ અંકાઇ રહી.

કથાનક તો કહે છે કે આખરે શિવલિંગ ફાટયું અને ઉજ્જૈનમાં જે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# યુગપ્રભાવક મહર્ષિની જન્મ–શતાબ્દિ
# ને
# જૈન સમાજનું કર્તવ્ય

વિશ્વવિખ્યાત જૈન સમાજને પોતાના ભાગ્યોદયથી, પોતાના પ્રબળ પુણ્યોદયથી પંજાબદેશોદ્ધારક પ્રાતઃસ્મરણીય ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી પ્રસિદ્ધનામ આત્મારામજી મહારાજની જન્મ–શતાબ્દિ ઉજવવાનો બહુમૂલ્ય સમય સાંપડ્યો છે. આ વીસમી સદીના પ્રખર પ્રતાપી, મહાતેજસ્વી જ્યોતિર્ધરની શતાબ્દિ ઉજવી એક જાતનું ગુરૂ–ઋણ અદા કરવાનું છે. સદ્‌ગુરૂદેવના ઉપકારોનો બદલો વાળવો એમાં આપણી શક્તિ છે જ નહિ, છતાં પણ સમયે સમયે ઉપકારી ગુરૂદેવના ગુણાનુવાદ ગાઇ, સ્મરણ કરી આપણે આપણી ફરજ અદા કરવાની રહે છે. પુણ્યોદયે એ સુઅવસર નિકટ આવતો જાય છે.

આપણે બધા સપ્રેમ, સક્રિય, તન–મન અને ધનથી ભાગ લઇ શ્રી આત્મારામજી મહારાજની શતાબ્દિને વિશ્વપ્રસિદ્ધ કરવાની છે, અને જૈન સમાજે આજ સુધીમાં જે કાર્ય નથી કર્યું તે આ શતાબ્દિદ્વારા કરી, સમા-

---

રીતે મહાકાળના ભીતરમાંથી જૈન પ્રતિમા પ્રકટ્યા હતા તેમ અહીં–કાશીમાં પણ જૈન મૂર્ત્તિ, શિવલિંગમાંથી બ્હાર આવી.

૧૮૦૦ વર્ષ ઉપર બનેલા આ પ્રસંગનું એક સ્મૃતિચિહ્ન આજે પણ જળવાઈ રહ્યું હોય એમ શ્રી કૈલાસચંદ્રજી શાસ્ત્રી અનુમાન કરે છે. તેઓ કહે છે કેઃ " કાશીમાં વાંસકા ફાટક નામના મોહલ્લામાં, ચૌક તરફ જતી સડકના કિનારા ઉપર એક ન્હાનું શિવાલય છે. એ મંદિરમાંનું શિવલિંગ, વચ્ચેથી તૂટેલું છે અને લોકો પણ એને " ફૂટે મહાદેવ " ના નામે ઘણા વખતથી ઓળખતા આવ્યા છે." શ્રી સમંતભદ્રની ચમત્કાર–કથા સાથે એ શિવલિંગને સંબંધ હોય તો તેમાં આશ્ચર્ય પામવા જેવું નથી. પૂજારીએ સમંતભદ્રેશ્વર નામે એ શિવલિંગનો જે પરિચય આપ્યો હતો તે ઉપરથી એ મંદિર તથા મૂર્ત્તિ ઐતિહાસિક હોવાં જોઇએ એવું અનુમાન નીકળે છે

ઇતિહાસરસિકોએ, હજી એ પ્રસંગ ઉપર કંઈ ખાસ પ્રકાશ નાખ્યો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જની મોટામાં મોટી ખોટ પૂર્ણ કરવાની છે. શતાબ્દિ તો કેવળ નિમિત્ત કારણ છે, એ દ્વારા જગતમાં પ્રભુશ્રી મહાવીર ભગવાનનો વિશ્વવિજયી વિજય-સંદેશ ઘર-ઘરમાં અને વ્યક્તિ-વ્યક્તિના અંતઃકરણમાં પહોંચાડવાનું શુભ કાર્ય કરવાનું છે. જગત સન્મુખ ભગવન્ત શ્રી મહાવીરદેવના વિવિધ સંદેશાઓ, ઉપદેશો અને કર્તવ્યો ધરવાના છે. તેમજ પુનઃ સંપૂર્ણ સંસાર શ્રીવીતરાગ પ્રભુ શ્રી મહાવીરસ્વામીની અમોઘ દેશના-ઉપદેશામૃતનું મધુર રસપાન કરવા લાગે તેવો કાર્યક્રમ યોજવો જોઇએ. તેથી સદ્ગત ગુરૂદેવ શ્રી આત્મારામજી મહારાજની શતાબ્દિ ઉજવી ઉપરના બધા કાર્યો જૈન સમાજને કરવાના છે અને એ કરવાના હોવાથી જ આ શતાબ્દિનું ભગીરથ કાર્ય જૈન સમાજે ઉપાડી લીધું છે.

ઓ જૈન સમાજ ! તારા ઉપર ઘણો બોજો આવવાનો છે અને તારે એ બધું સર્વશક્તિથી કરવાનું છે; તેથી સુષુપ્ત અવસ્થાનો ત્યાગ કરી, કર્તવ્યપરાયણ બનવા સહુથી પ્રથમ તૈયાર રહેજે !

જૈન સમાજના ભાગ્યવંતો ! ઊઠો, જાગ્રત થાઓ !! અને તમારે કરવાના કાર્ય વિના વિલંબે હાથમાં લો. આમ ને આમ આપણે ક્યાં લગી ચલાવે જઇશું ? આપણા સમાજ ઉપર, ધર્મ ઉપર ચારે તરફથી અનેક અઘટિત પ્રહારો ને મારાઓ આવી રહ્યા છે. જૈન સમાજનો લખલૂટ દ્રવ્યસમૂહ અનેક રસ્તે વેડફાઇ રહ્યો છે, અન્ય અનેક મતોવાળાઓ તમારી પાસેથી લઇ જઇ તમારા દ્રવ્યથી જ તમારો નાશ કરી રહ્યા છે. એ બધું તમો તમારી સગી આંખે દેખતા છતાં, ન દેખતાં બનીને આપી રહ્યા છો. હવે જાગો ! ને જરા આંખ ઉઘાડીને ચારે તરફ નજર કરો !! જોતાંની સાથે જ તમારો આત્મા ફફડી ઊઠશે-ભયભીત બનશે. હવે આવી રીતે ચલાવ્યે પાલવે એમ નથી. તમારા પુણ્યોદયે-સમાજના નસીબે શતાબ્દિનો સોનેરી અવસર હાથમાં આવ્યો છે, તેને સફળ કરવા "ભૂલ્યા ત્યાંથી ફરી ગણો" ની ઉક્તિને ધ્યાનમાં લઇ, હજુ પણ આપણે ચેતી જઈ, આપણા કર્તવ્યો તરફ ઝૂકી જઇશું તો આપણે આપણો માર્ગ નથી ભૂલ્યા એમ કહેવાશે. દિવસે દિવસે થતો જૈન સમાજનો હ્રાસ અટકી જશે ને પુનઃ સંસારમાં આ શતાબ્દિદ્વારા શાસનપતિ શ્રી મહાવીરદેવનો શુદ્ધ પ્રકાશ અબાધિત રીતે પ્રકાશી ઊઠશે.

શતાબ્દિના કર્ણધાર, શતાબ્દિનાયકના પટ્ટધર પૂજ્યપાદ આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ અને પૂજ્યપાદ વયોવૃદ્ધ પ્રવર્તક ૧૦૦૮ શ્રી કાંતિવિજયજી મહારાજ છે. એ બન્ને મહારથીઓ જૈન સમાજની નાડને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સારી રીતે પિછાને છે. એ બન્ને વીરો જૈન સમાજને હાલમાં શાની જરૂરત છે તેને ખૂબ અચ્છી તરહથી ઓળખે છે, તેથી શતાબ્દિ–મહોત્સવ ઉપર સમાજને ઘણું જાણુવાનું, જોવાનું, વિચારવાનું અને આચરવાનું મળશે. એ બન્ને ત્યાગીઓ પ્રભુશ્રી મહાવીર ભગવાનના બોધપ્રદ, એકાંતલાભકારી અને વિશ્વહિતકારી સંદેશાઓને, આજ્ઞાઓને અને ઉપદેશોને દ્રવ્ય–ક્ષેત્ર–કાલ–ભાવને ધ્યાનમાં રાખીને જ શુદ્ધભાવે પ્રરૂપણા કરનાર હોવાથી આપણુને સત્ય બીનાથી વાકેફ કરશે–માહિતગાર બનાવશે, તેમ જ વર્તમાનમાં આપણુને શાની જરૂરત છે એ વસ્તુસ્થિતિનો સત્ય માર્ગ બતાવશે માટે સત્વર એ સંદેશાઓ સાંભળવા તૈયાર થાઓ. આવેલ કિમતી સમયને જતો ન કરશો નહિ તો પછી હાથ ઘસવાનું અને એક–બીજા સામે જોવાનું જ રહેશે. આજ લગી જૈન સમાજે આ રીતે ઘણું ગુમાવ્યું છે, અનેક કિમતી સમયો ખોયા છે, છતાં પણ આપણે આપણા કર્તવ્યસન્મુખ નથી થયા તેથી તમોને–જૈન સમાજને પૂર્વસુકૃતથી પ્રાપ્ત થયેલી આ શ્રી આત્મારામજી મહારાજની જન્મ–શતાબ્દિદ્વારા જાગ્રત કરી સત્ય માર્ગ તરફ ઉક્ત બન્ને મહારથીઓ પ્રેરશે; માટે ભારપૂર્વક જણાવું છું કે શતાબ્દિ મહોત્સવ ઉપર લાભ લેવા ન ચૂકવું જોઇએ.

આ શતાબ્દિને ચિરસ્મરણીય રાખવા માટે અને જગતને દૃષ્ટાંતરૂપ બને એ માટે એક શતાબ્દિ ફંડ ચાલુ કરવામાં આવ્યું છે. આ ફંડને વધુ પુષ્ટ કરવું જોઇએ. આજ સુધીમાં જે કાર્યો નથી કર્યાં તે કાર્યો આ ફંડમાંથી કરવાનાં છે તેથી શતાબ્દિફંડને અધિક મોટું બનાવવું એ જૈન સમાજનું–પ્રત્યેક વ્યક્તિનું કર્તવ્ય હોવું જોઇએ. ફંડમાં રકમ વધુમાં વધુ એક સો ને એકની રાખવામાં આવી છે. દરેક આત્મા પોતાની શક્તિ અને ભક્તિ અનુસાર લાભ લઇ શકે તેટલા માટે જ આટલી નાનામાં નાની રકમ રાખવામાં આવી છે. યદિ આટલી રકમ પણ જે ભાગ્યવાન નથી આપી શકતો તે પોતાની જેટલી શક્તિ હોય તેટલી રકમ પણ આપી શકે છે. મતલબ કે આ ફંડમાં પોતાનું શુભ નામ પોતાના પોઝીશન અનુસાર–પોતાની શક્તિ-અનુસાર જરૂર લખાવવું જ જોઇએ.

પ્રસ્તુત ફંડ એક ગામનું કે નગરનું નથી પરંતુ સંસારમાં વસતા દરેક જૈન નામધારીનું છે. આ ફંડમાં શ્રીમન્તોની જેમ સામાન્ય સ્થિતિ-વાળાઓ પણ એટલા જ ભાવથી લાભ લઈ શકે છે તેમજ શ્રાવિકાઓ પણ સારી રીતે લાભ લઈ શકે છે. એક વ્યક્તિ પાસેથી એક જ નામ પર એકસો ને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક લેવાના છે. જેને વધુ આપવાની ભાવના હોય તો તે પોતાના માતા-પિતાના નામથી, બંધુઓના નામથી, સગાવહાલાના નામથી પણ આપી શકે છે; તેથી ફરીને ભારપૂર્વક સૂચવું છું કે હજુ સુધી આ ફંડમાં તમોએ તમારૂં નામ ન લખાવ્યું હોય તો તુરત લખાવી દેવું અને તમારા સ્નેહીઓને, મિત્રોને પ્રેરણા કરી ફંડમાં નામો ભરવા જણાવવું.

સદરહુ શતાબ્દિ ફંડનો ઉપયોગ શતાબ્દિનાયક શ્રી આત્મારામજી મહારાજના ખૂદના બનાવેલા ગ્રંથો-વિવિધ ભાષામાં તૈયાર કરવામાં થાશે, શતાબ્દિ ઉપર તૈયાર થતાં સ્મારક અંકમાં થાશે, પુરાતન શોધખોળ, ઇતિહાસ અને સાહિત્યમાં લાગશે તેમજ જુદી જુદી ભાષાઓમાં પ્રભુ શ્રી મહાવીરદેવનાં બહુમૂલ્ય ને હિતકારી સંદેશાઓનું ભાષાંતર કરાવી ભિન્ન ભિન્ન દેશોમાં અલ્પમૂલ્યે પ્રચાર કરવામાં થાશે. ફંડના ઉપયોગ માટે ઉપરના મુદ્દાઓ રાખવામાં આવ્યા છે.

ઉપર લખેલા સુંદર-ઉપયોગી કામોમાં આ ફંડનો વ્યય કરવાનો હોવાથી પ્રત્યેક આત્મા પોતાનું નામ ફંડમાં અવશ્ય લખાવે અને પોતાના લાગતા-વળગતાઓને લખાવવા પ્રેરણા કરે એ મારે ભારપૂર્વક કહેવાનું છે.

શ્રી આત્મારામજી મહારાજનો ઉપકાર જૈન સમાજ ઉપર અમાપ છે. ખરેખર તેઓશ્રી જૈનશાસનના એક સમર્થ જ્યોતિર્ધર હતા. વીસમી સદીમાં સહુથી પ્રથમ જૈન સમાજને સત્ય તત્ત્વોની, સત્ય પ્રરૂપણાની સિંહગર્જના કરી કોઇએ જાગ્રત કરી હોય તો તે માત્ર એક જ શ્રી આત્મારામજી મહારાજ જ હતા. અનેક ઉપકારો જૈન સમાજ ઉપર તેઓશ્રીએ કરેલા હોવાથી જ એ ઉપકારોનું સ્મરણ કરવા તેઓશ્રીની જન્મ-શતાબ્દિ ઉજવવાનો ચોક્કસ નિર્ણય કર્યો છે તેથી આવેલ શતાબ્દિને પૂર્ણ ઉત્સાહથી ઉજવવી જ જોઇએ, એ પ્રત્યેક નામધારી જૈન આત્માનું-ગુરૂભક્તોનું પરમ કર્ત્તવ્ય છે.

શાસનદેવ સહુ આત્માઓને શતાબ્દિમહોત્સવ તરફ પ્રેરણા કરે અને શતાબ્દિને વિશ્વમાં વિશેષતયા વિજયી બનાવે એટલું અંતઃકરણથી જણાવી અત્રે જ વિરામ લઉં છું.

**ડભોઇ.**
**જૈન ઉપાશ્રય.**
વીર સં. ૨૪૬૨.
વિક્રમ સં. ૧૯૯૨. આત્મ સં. ૪૦
મહા સુદિ ૬ બુધવાર.
તા. ૨૯-૧-૩૬.

પૂજ્યપાદ આચાર્યશ્રીમાન્
**વિજયવલ્લભસૂરીશ્વરજી**
ચરણોપાસક
**મુનિ ચરણવિજય.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વીકાર અને સમાલોચના

**૧ ધર્મશતક**—લેખક અને પ્રકાશક **માવજી** દામજી શાહ. પ્રાતઃસ્મરણીય શ્રી વિજયધર્મસૂરીશ્વરજીના જીવનપ્રસંગોને સાદી સરલ ભાષામાં લેખકે પદ્યમાં ગુંથી, આ ગ્રંથમાં ગુરૂભક્તિ દર્શાવી છે. કિંમત ભેટ. મુંબઇ બાબુ પન્નાલાલ પુરનચંદ જૈન હાઇસ્કુલના શિરનામે લેખક પાસેથી મળી શકશે.

---

**૨ ડહાપણના રમુજી ટુચકા ૩ હસો બાપલા હસો**—બંને બુકો તેના પ્રકાશક ડહાપણ ઓફીસ—જામનગર તરફથી પ્રકટ થએલ છે. નાના બાળકો સરળતાથી બોધ મેળવી શકે તેવી ગુંથણી છે. સાથે ચમત્કારિક દૈવીયંત્રનું છુટું પાનું આપવામાં આવેલ છે. તેમ આપવાથી તે વસ્તુ ( જ્ઞાન ) ની આશાતના થાય તે સ્વાભાવિક છે. પ્રકાશકને તેમ છુટું ન આપવાની સૂચના કરવામાં આવે છે. કિંમત બંને બુકોનો એકેક આનો. પ્રકાશકને ત્યાંથી મળી શકશે.

---

**૪ શ્રીમહેન્દ્ર જૈન પંચાંગ–કર્તા મુનિશ્રી વિકાસવિજયજી** મહારાજ. ત્રણ ત્રણ વર્ષોના સંશોધનકાર્યના સખ્ત પ્રયત્ન પછી પ્રાતઃસ્મરણીય શ્રીવિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજનું પ્રોત્સાહન મળતાં અથાગ પરિશ્રમ પછી, આ પંચાંગ સૂક્ષ્મ બારીક ગણત્રી કરી તૈયાર કરવામાં આવેલ છે. શ્રીમહેન્દ્રસૂરિજીએ ભરૂચ શહેરમાં ઇ. સ. ૧૩૭૦ ની સાલમાં "યંત્રરાજ" નામનો ગ્રંથ જેમાં ગ્રહોના ક્રાન્તિવૃત્તીય સ્થાન વગેરે સૂક્ષ્મ વેધોના ગ્રહણાર્થે ખૂબ પરિશ્રમ સેવી બનાવેલ છે તેના ઉપર કર્તા મુનિમહારાજે મુખ્યતા લઇ આ પંચાંગ તૈયાર કરેલ હોવાથી આ પંચાંગને શ્રીમહેન્દ્ર જૈન પંચાંગ નામ આપવામાં આવ્યું છે. આજે પ્રકટ થતાં પંચાંગોમાં મકરના સૂર્ય વગેરેમાં ઘણો મતભેદ ( ત્રેવીશ દિવસનો) છે. આ ગ્રંથમાં શ્રીમહેન્દ્રસૂરિ મહારાજે પુરાણા ગ્રંથોમાં સાયન ગ્રહ અને નિરયન પદ્ધતિના ગ્રહ એ બંનેમાં જે ફેરફાર છે તેની યંત્રરાજ ગ્રંથમાં વ્યાખ્યા આપેલી છે જે મુજબ આ પંચાંગમાં આપેલ છે તે વ્યાખ્યાનુસાર અયનાંશ લેવામાં આવેલ છે. જ્યોતિષ વિષયના નિષ્ણાત હરિહર પ્રાણશંકર ભટ્ટે આપેલ કાર્ય પદ્ધતિ છે. જ્યોતિષમાં અમો નિષ્ણાત ન હોવાથી માત્ર આટલી જ હકીકત આપીએ છીએ. એકંદરે કર્તા મુનિરાજે જ્યોતિષ સંબંધી અભ્યાસ કરી આ પંચાંગ તૈયાર કરવામાં સમાજસેવા, ઉપકાર કરેલ છે. સાથે જ્યોતિષ સાહિત્યની એક યોગ્ય શરૂઆત કરી છે. કર્તાશ્રીને અમારી વિનંતિ છે કે આ સંબંધમાં આગળ ઉપર વધારે પ્રકાશ પાડશે. પ્રકાશક અમૃતલાલ કેવળદાસ મહેતા B. C (civil) F. S. Y. D. નાગજી ભૂદરની પોળ-અમદાવાદ. કિંમત બે આના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૫ શ્રી ઓશવાલ **જૈન** વોલંટીયર કોર જામનગર તરફથી **ચૌદ પૂર્વની** આરાધના પ્રસંગના તપની **વિધિવિધાન બોધપ્રદ** કાવ્યો તથા **મંત્ર-યંત્રાદિ સંગ્રહ. પ્રકાશક વેલજી લાલજી** વોરા. આ લઘુ ગ્રંથમાં ઉપર્યુક્ત તપના પ્રસંગના કાવ્યો અને યંત્ર આપવામાં આવેલ છે. પ્રકાશક તરફથી ભેટ અપાય છે.

---

૬ **શ્રી સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમ પાલીતાણા**-નો સં. ૧૯૯૦ ની સાલનો વાર્ષિક રિપોર્ટ તથા હિસાબ. બાશી વિદ્યાર્થીઓએ આ સંસ્થાનો આ વર્ષમાં લાભ લીધો છે. તમામ પ્રકારની વ્યવસ્થા વિદ્યાર્થી માટે છે. ભૂતકાળમાં ઘણા વિદ્યાર્થી જ્ઞાનદાનનો લાભ લઇ સારી સારી ડીગ્રી અને લાઇનો ઉપર ચડી ગયા છે. આવા વિદ્યાર્થીગૃહો દરેક મોટા શહેર અને તીર્થોમાં હોવાની જરૂર છે. રિપોર્ટ વાંચતા વ્યવસ્થાપૂર્વક કાર્ય ચાલે છે તેમ જણાય છે. સ્થાન અનુષ્ઠાન પ્રાપ્ત થયેલ છતાં હજી કેટલીક જરૂરીયાતો અધૂરી છે. જૈન સમાજે આવી સંસ્થાઓની જરૂરીયાત વેળાસર પૂરી પાડવી જોઇએ. અમો તેની ભવિષ્યમાં ઉન્નતિ ઇચ્છીએ છીએ.

---

# વર્તમાન સમાચાર.

**શ્રીપ્રવ્રજ્યાના પવિત્ર પંથે પ્રયાણ**—અમદાવાદના સુપ્રસિદ્ધ ડૉકટર અને અગ્રગણ્ય જૈન બંધુ ડૉકટર ત્રીકમલાલ અમથાશાહે પોતાની સુશીલ પત્ની રતનબ્હેન સાથે સજોડે આ માસમાં ( માહ શુદ ૬ ) આચાર્ય મહારાજ શ્રીવિજયનેમિસૂરીશ્વરજી પાસે ચારિત્ર ગ્રહણ કર્યું છે. આવા પાશ્ચિમાત્ય કેળવણી લેનાર દંપતીએ સંજમ ગ્રહણ કર્યાનો જાણવા પ્રમાણે આ પ્રથમ પ્રસંગ છે. તેઓ સાંસારિક જીવનમાં સુખમય જીવન પસાર કરવા સાથે સાદું, સરલ અને સમતાના નમૂનારૂપ જીવન જીવતા હતા. પોતાની ઉત્તરાવસ્થા પ્રવ્રજ્યાના પવિત્ર પંથનો સ્વીકાર કરે તે પણ અપૂર્વ પ્રસંગ છે. પાશ્ચિમાત્ય કેળવણી લેનારા અશ્રદ્ધાવાન ( મિથ્યાત્વી ) છે તેવું બોલનાર મનુષ્યનું મુખ આ પ્રસંગે બંધ કર્યું છે. આ માટે આ સભા પોતાનો અપૂર્વ આનંદ જાહેર કરે છે અને ડૉકટર ત્રીકમલાલભાઇ દીર્ઘાયુ થઇ, શુદ્ધ નિરતિચારપણે (દંપતી) ચારિત્ર પાળી મોક્ષસુખ જલદી પ્રાપ્ત કરે તેવી પરમાત્માની પ્રાર્થના કરીએ છીએ.

---

**આચાર્ય શ્રીવિજયજ્ઞાનસૂરિજી મહારાજનો સ્વર્ગવાસ**—પ્રાતઃસ્મરણીય શ્રી આત્મારામજી મહારાજના શિષ્ય ઉપાધ્યાયજી મહારાજ શ્રીવીરવિજયજી મહારાજના મુખ્ય શિષ્ય આચાર્ય **શ્રીવિજયજ્ઞાનસૂરિજી** મહારાજ વૃદ્ધવયે ઘણા વર્ષો સુધી ચારિત્ર પાળી શહેર પાટડીમાં આકસ્મિક રીતે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે. તેઓશ્રી ઘણા વર્ષોના ચારિત્રસંપન્ન હતા. આગમનું સારૂં જ્ઞાન ધરાવવા સાથે જ્યોતિષ શાસ્ત્રમાં પણ નિષ્ણાત હતા. બ્હોળો પરિવાર પણ ધરવતા હતા. આવા વયોવૃદ્ધ મુનિમહારાજાઓનો એક પછી એક હાલમાં વિરહ થતો જોવામાં આવે છે જેથી સમાજને ખોટ પડે છે. તેઓશ્રીના સ્વર્ગવાસથી આ સભા પોતાનો અત્યંત ખેદ જાહેર કરે છે અને તેઓશ્રીના પવિત્ર આત્માને અનંત શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પ્રાર્થના કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

## અમારૂં પ્રકાશન ખાતું.

### છપાયેલા ગ્રંથો. ( મૂળ. )

૧ શ્રી વસુદેવહિંડિ પ્રથમ ભાગ–પ્રથમ અંશ. રૂા. ૩–૮–૦
૨ શ્રી વસુદેવહિંડિ પ્રથમ ભાગ દ્વિતીય અંશ. રૂા. ૩–૮–૦
૩ શ્રી બૃહતકલ્પસૂત્ર પ્રથમ ભાગ. રૂા. ૪–૦–૦
૪ શ્રી દેવેન્દ્રસૂરિરચિત ટીકા ચાર કર્મગ્રંથ ( શુદ્ધ ) રૂા. ૨–૦–૦

### છપાતાં ગ્રંથો.

૫ શ્રી વસુદેવ હિંડિ બીજો ભાગ. ૭ પાંચમો છઠ્ઠો કર્મગ્રંથ.
૬ શ્રી બૃહત્કલ્પસૂત્ર બીજો ત્રીજો ભાગ.
૮ શ્રી ગુણચંદ્રસૂરિ કૃત શ્રી મહાવીર ચરિત્ર. ભાષાંતર

### ગુજરાતી ગ્રંથો.

૧ શ્રી સામાયક સૂત્ર. મૂળ ભાવાર્થ વિશેષાર્થ સહિત. રૂા. ૦–૨–૬
૨ શ્રી દેવસિરાઈ પ્રતિક્રમણ ,, ,, રૂા. ૦-૧૦-૦
૩ શ્રી પંચ પ્રતિક્રમણ સુત્ર ,, ,, ગુજરાતી તથા શાસ્ત્રી બંને અક્ષરોવાળા ( શ્રી જૈન એજ્યુકેશનબોર્ડે જૈન પાઠશાળાઓ માટે મંજુર કરેલ). રૂા. ૧–૪–૦ રૂા. ૧–૧૨–૦
૪ શ્રી શત્રુંજય તીર્થનો પંદરમો ઉદ્ધાર અને સમરસિંહ. રૂા. ૦–૨-૦
૫ શ્રી શત્રુંજય તીર્થ વર્તમાન ઉદ્ધાર અને કર્માશાહ રૂા. ૦–૪–૦

### શ્રી જૈન આત્માનંદ શતાબ્દિ સિરિઝ.

૧ શ્રી વીતરાગ મહાદેવ સ્તોત્ર મૂળ. ૦–૨–૦
૨ પ્રાકૃતવ્યાકરણ ( અષ્ટમાધ્યાય સૂત્રપાઠ ). ૦–૪–૦
૩ શ્રી વીતરાગ–મહાદેવ સ્તોત્ર મૂળ સાથે ભાષાંતર. ૦–૪–૦
૪ શ્રી વિજયાનંદસૂરીશ્વરજી ( શ્રી આત્મારામજી મહારાજ ) નું જીવનચરિત્ર ૦–૮–૦
૫ શ્રી નવસ્મરણાદિ સ્તોત્ર સન્દોહ. ૦–૪–૦
૬ ચારિત્રપૂજા, પંચતીર્થ પૂજા, શ્રી પંચપરમેષ્ઠી પૂજા (ગુજરાતી અક્ષરમાં) ૦-૩-૦

### છપાતાં ગ્રંથો.

૭ શ્રી ત્રિષષ્ટિશ્લાકા પુરૂષ ચરિત્ર ( મૂળ દશ પર્વ ) પ્રત તથા બુકાકારે. ( નિર્ણયસાગર પ્રેસમાં )
૮ ધાતુપારાયણ. ૯ શ્રી વૈરાગ્ય કલ્પલતા ( શ્રી યશોવિજયજીકૃત ) પ્રાકૃત વ્યાકરણ ઢુણ્ઢિકાવૃતિ.

---

આનંદ પ્રિન્ટિંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.—ભાવનગર.

For Private And Personal Use Only